# શિશુ સત્સંગ વિહાર



૨

૮ થી ૧૦ વર્ષનાં
બાળકો માટે

# કરું વંદના




## શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ



બ્રહ્મસ્વરૂપ
શ્રી ભગતજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
શ્રી શાસ્ત્રીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
શ્રી યોગીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
શ્રી મહંતસ્વામી મહારાજ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

# શિશુ સત્સંગ વિહાર

## ૨



શિશુનું નામ : ............................................

મંડળનું નામ : ............................................



: પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ-૪.

# શિશુ સત્સંગ વિહાર - ૨ (ગુજરાતી)

(બાળપણથી આજ્ઞા અને ઉપાસના દૃઢ કરાવતી પુસ્તિકા)

**રજૂકર્તા** : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ - ૪.

**આશીર્વાદ** : બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

**પ્રેરક** : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ

**કોપીરાઈટ** : © સ્વામિનારાયણ અક્ષરપીઠ

આ પુસ્તકનો કોઈપણ અંશ, કોઈપણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

**પ્રથમ આવૃત્તિ** : સપ્ટેમ્બર, ૨૦૨૫

**Blessings** : His Holiness Pramukh Swami Maharaj

**Inspirer** : His Holiness Mahant Swami Maharaj

**Presented by** : Children's Activities Central Office,
BAPS Swaminarayan Sanstha
Shahibaug, Ahmedabad - 380 004, Gujarat, India

**1st Edition** : September, 2025

**ISBN** : 978-1-947461-70-3

**Copyright** : © Swaminarayan Aksharpith

All rights reserved. No part of this book may be used or reproduced in any form or by any means without permission in writing from the publisher, except for brief quotations embodied in reviews and articles.

**મુદ્રક અને પ્રકાશક :**

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪. ગુજરાત, ભારત.

Websites: www.baps.org | http://kids.baps.org

# અનુક્રમણિકા


૧. જીવુબા ........................... ૦૬
૨. આહારશુદ્ધિ ..................... ૧૦
૩. સર્વકર્તા ..........................૧૪
૪. જીદ................................૧૮
૫. વૃક્ષો આપણા મિત્રો ..............૨૨
૬. કુસંગ ..............................૨૬
૭. આશરો ............................ ૩૦
૮. સંપ .................................૩૪
૯. સહજાનંદ નામાવલી ..............૩૮
૧૦. નિયમ .............................૪૨
૧૧. મહેનત ...........................૪૬
૧૨. આદર્શ શિશુ ..................... ૫૦
૧૩. સંસ્કૃતિ ચિહ્નો ...................૫૪
૧૪. ધ્રુવ ...............................૫૮
૧૫. શાસ્ત્ર-મંદિર-સંત ...............૬૨
૧૬. એકાદશી ..........................૬૬
૧૭. મુખપાઠ .......................... ૭૦
૧૮. નીલકંઠ વર્ણી ....................૭૪
૧૯. સ્વામીની વાતો ...................૭૮
૨૦. મહંતસ્વામી મહારાજ .............૮૨








# વાલી માટે...



**'પપ્પા! આટલા મોટા મોટા ડુંગર કોણ બનાવતું હશે?'**
**'હું તો મોટો થઈને ડૉક્ટર બનીશ! પણ... એ કેવી રીતે બનાય?'**
**'મમ્મી! તમે રોજ ભગવાન પાસે દીવો કરીને તેને ગોળ ગોળ કેમ ફેરવો છો?'**

કાલુંઘેલું બોલતાં અને ઋજુ હૃદયનાં નાનકડાં શિશુઓ ભગવાનનું અણમોલ વરદાન છે. ૯-૧૦ વર્ષ સુધીની ઉંમરનાં આ શિશુઓના પગનો ડગમગાટ માંડ સ્થિર થયો હોય, ત્યાં તો તેમનું મન ઊંચે આકાશમાં વિહરવા લાગે છે. જનજીવનનાં સામાન્ય લાગતાં દૃશ્યો કે ઘટનાઓ શિશુ માનસ માટે અનેક પ્રકારનું આશ્ચર્ય ઉપજાવનારાં હોય છે...

શિશુમાનસના અંતરમાં ઊઠતી આ તમામ કુતૂહલતા, કલ્પનાઓ અને પ્રશ્નોનું સમાધાન છે, **'શિશુ સત્સંગ વિહાર'**. નાનકડાં આ શિશુઓના અંતરમાં સત્સંગનાં પાયાનાં મૂલ્યોનું સિંચન કરનાર; સાંપ્રદાયિક રીતિ-રિવાજ, આહ્નિક વગેરેની દૃઢતા નાનપણથી જ કરાવનાર; દરેક શિશુને 'આદર્શ શિશુ' બનવાની પ્રેરણા આપનાર અને ગુરુહરિના રાજીપાનો વિચાર તેમના અંતરમાં સુદૃઢ કરાવનાર પુસ્તક શ્રેણી છે, **'શિશુ સત્સંગ વિહાર'**.

ધોરણ ૨ થી ૪ સુધીનાં તમામ **શિશુઓને સત્સંગના મઘમઘતા બાગમાં મુક્ત વિહાર કરાવી સત્સંગનાં પાયાનાં મૂલ્યો દૃઢાવનારી પુસ્તકશ્રેણી એટલે 'શિશુ સત્સંગ વિહાર'.**

બી.એ.પી.એસ. સંસ્થાનાં તમામ શિશુઓનાં સર્વાંગી ઘડતર માટે બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા 'શિશુ સત્સંગ વિહાર' પુસ્તક શ્રેણીનો પહેલો ભાગ અગાઉ પ્રકાશિત થઈ ચૂક્યો છે.

આ જ શૃંખલામાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના આશીર્વાદ અને પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી હવે ધોરણ ૨ થી ૪ સુધીનાં શિશુઓ માટે 'શિશુ સત્સંગ વિહાર' પુસ્તક શ્રેણીનો દ્વિતીય ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. વિવિધ એક્ટિવિટી, રસપ્રદ વાર્તાઓ, શિશુઓ ગાઈ શકે તેવા 'શિશુ ગુંજન' વગેરે દ્વારા 'ગમ્મત સાથે જ્ઞાન' આપનાર પ્રસ્તુત પુસ્તક શ્રેણીનો આ દ્વિતીય ભાગ આપના હાથમાં મૂકતાં બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય આનંદ અનુભવે છે. આ પુસ્તક શ્રેણીની રચના માટે બાળ-બાલિકા કાર્યકરોએ મહત્ત્વનું યોગદાન આપ્યું છે, તે બદલ તેઓનો આભાર. **વાલીઓ પોતાના શિશુ સાથે બેસીને આ પુસ્તિકાનું વાંચન કરાવશે તો બાળકને વધુ સારી રીતે સત્સંગનાં મૂલ્યો દૃઢ થશે.**

'શિશુ સત્સંગ વિહાર'ના માધ્યમથી સૌ શિશુઓ સંસ્કાર અને સત્સંગનાં ઉચ્ચ મૂલ્યો આત્મસાત્ કરી સમગ્ર સમાજ અને દેશની આવતીકાલને ઉજ્જ્વળ અને મૂલ્યસભર બનાવે એ જ ગુરુહરિ મહંતસ્વામી મહારાજનાં ચરણોમાં અભ્યર્થના.



**નોંધ : આ પુસ્તિકામાં જ્યાં 'ભગવાન', 'મહારાજ', 'શ્રીજીમહારાજ', 'શ્રીહરિ' શબ્દો વપરાયા છે, ત્યાં ભગવાન સ્વામિનારાયણ સમજવું. જ્યાં 'સ્વામીબાપા' શબ્દ છે ત્યાં ગુરુહરિ મહંતસ્વામી મહારાજ સમજવું.**

**આ પુસ્તિકાના દરેક પાના પર અઘરા લાગતા શબ્દો નીચે લાઇન કરી તેનો સરળ અર્થ તે પાનાના અંતે આપેલો છે. પાઠના અંતે શિશુઓ આનંદથી ગાઈ શકે તેવાં 'શિશુ ગુંજન' આપ્યાં છે, તે શિશુઓ પાસે ગવડાવવાં.**

# ૧. જીવુબા

શિશુમિત્રો! આપણા શરીરનું મુખ્ય અંગ એટલે હૃદય.
હૃદય એટલે પ્રેમથી છલોછલ ભરેલું અંગ. હૃદયથી જ આપણે સૌને પ્રેમ કરીએ છીએ.
તેથી જ **ભગવાન કહે છે કે 'ભક્તો મારું હૃદય છે!'**
હા શિશુમિત્રો! ભગવાનનું હૃદય હોય એવા ભક્તો કોણ એ તમે જાણો છો? જુઓ, આ રહ્યાં...



**ભગવાન શ્રીરામના સાચા ભક્તોમાંનાં એક એટલે શબરીબાઈ**



**ભગવાન શ્રીકૃષ્ણના સાચા ભક્તોમાંનાં એક એટલે મીરાંબાઈ**

BAPS

શિશુમિત્રો! આજે ભગવાન સ્વામિનારાયણના સમયમાં થયેલા એવા જ એક સાચા ભક્તની વાત કરવી છે.

આ વાત છે, ગઢડા ગામના જીવુબાની. તેમને ભગવાન સ્વામિનારાયણ સિવાય બીજું કંઈ ગમતું જ નહોતું. જીવુબા નાનાં હતાં ત્યારથી જ ભગવાનની ભક્તિ કરતાં.

સવારે ભગવાનની પૂજા કરે... તેમને થાળ ધરાવે...

નાના ઠાકોરજીની મૂર્તિને તો રોજ રમાડે... જમાડે... તેમની સાથે વાતો કરે... જાણે સાક્ષાત્ ભગવાન ન હોય? તેવી રીતે જ ઠાકોરજીની ભક્તિ કરે.

**છલોછલ :** ઊભરાય તેવું, ખૂબ જ ભરેલું | **ભક્ત :** ભગવાનની ભક્તિ કરે તે | **ઠાકોરજી :** ભગવાન

જીવુબા હંમેશાં ભગવાનને જેવું ગમે તેવું જ કરે. જમીન પર પથારી કરીને સૂએ, તપ-ઉપવાસ કરે, થોડું જ જમે. પુરુષો સાથે જરૂર સિવાય વાત પણ ન કરે. હંમેશાં ભજન કરે. મહારાજની મૂર્તિ યાદ કરીને તેમનું સ્મરણ કર્યાં જ કરે...





જીવુબાના પિતાશ્રી એભલખાચરને જીવુબાની ભક્તિ ન ગમતી.

તેઓ જીવુબાને કહેતા, 'જીવુ! તું તો નાની છે. અત્યારે ભક્તિ કરવાની ન હોય.'

પણ જીવુબા તો જાણતાં હતાં કે **'આપણે નાનાં હોઈએ ત્યારથી જ ભગવાનની ભક્તિ કરવી જોઈએ.'**

એક વખત તેઓ ઠાકોરજીને દૂધ ધરાવતાં હતાં.

ત્યારે તેમના પિતા એભલખાચર આવ્યા અને કહ્યું, 'જીવુ! આ તો મૂર્તિ છે. તેમાં કાંઈ તારા ભગવાન ન હોય.'

ત્યારે જીવુબા કહે, **'બધી જ મૂર્તિમાં ભગવાન રહે છે.** જો હું પ્રેમથી તેમને દૂધ ધરાવું તો તેઓ પીએ જ છે.'

આ સાંભળી તેમના પિતા ખૂબ જ ગુસ્સે થયા.



**સિવાય** : વગર | **સ્મરણ** : યાદ કરવું



પિતાએ તો તલવાર કાઢી અને જીવુબાને કહ્યું, 'જો મૂર્તિમાં ભગવાન હોય તો તે આ દૂધ પી જાય. નહિતર હું તને મારી નાખીશ.'

જીવુબા તો ભગવાનના સાચા ભક્ત હતાં, તે આ વાતથી ડર્યાં નહીં. તેમણે તો ભક્તિભાવથી ઠાકોરજીની સામે દૂધનો વાટકો ધર્યો.

અને આશ્ચર્ય! ભગવાન તો મૂર્તિમાંથી બહાર આવ્યા!!!



ગટ... ગટ... ગટ... કરતાં દૂધ પીવા લાગ્યા. આખો વાટકો પૂરો કરી દીધો!

આ જોઈ એભલખાચર તો તરત જ ઠાકોરજીના પગમાં પડી ગયા. ભગવાન ફરી મૂર્તિમાં સમાઈ ગયા.

પછી તો જીવુબાએ તેમને સમજાવ્યું કે,

**'મૂર્તિમાં ભગવાન હંમેશાં બિરાજતા જ હોય છે. ભલે ને હું નાની હોઉં, પણ જો ભક્તિભાવથી ભગવાનને કંઈપણ ધરાવું તો ભગવાન તે જમે જ છે. ક્યારેક મને બતાવે અને ક્યારેક ન બતાવે, પણ તેઓ જમે તો છે જ.'**

જીવુબાની આ વાત એમના પિતાશ્રી તો સમજી ગયા, પણ તમે સમજ્યા?

શું તમારે પણ જીવુબા જેવા સાચા ભક્ત થવું છે?
તમારે પણ ભગવાનને અને મહંતસ્વામી મહારાજને ગમીએ તેવા ભક્ત થવું છે?

**આશ્ચર્ય :** માની ન શકાય તેવું | **બિરાજતા :** રહેતા, બેસતા

જો હા, તો નીચે સાચા ભક્તે જે વાત માનવાની હોય ત્યાં ✓ કરો અને જે વાત ન માનવાની હોય ત્યાં ✗ કરો.



આ છે સોહમ. હજી તો પહેલા ધોરણમાં ભણે છે. તેના મિત્રો કહે છે કે 'તું તો હજી નાનો છે. તેથી તારે પૂજા ન કરાય.'

પણ સોહમને સાચા ભક્ત બનવું છે.
તો તેના મિત્રની વાત માનવી કે નહીં? ☐



આ છે દિશા. તે ખાવાની દરેક વસ્તુ ભગવાનને ધરાવીને જ જમે છે. તેના મામા કાજુકતરી લાવ્યા તે પણ દિશા ભગવાનને ધરાવવા ગઈ. મામાએ કહ્યું, 'આ ધરાવવાનું શું કામ? મૂર્તિ કંઈ જમતી હશે?'

પણ દિશાને તો ભગવાનને ગમે તેવા ભક્ત થવું છે.
તો તેના મામાની વાત તેણે માનવી કે નહીં? ☐




આ છો તમે. તમે આદર્શ શિશુ છો.
ગુરુહરિ મહંતસ્વામી મહારાજ કહે છે કે,
'પૂજા કર્યા વિના જમવું નહીં અને પાણી વગેરે પણ ન પીવું.'

તો તમે ગુરુહરિ મહંતસ્વામી મહારાજની આ વાત માનશો કે નહીં? ☐

વાહ! શિશુમિત્રો! સોહમ અને દિશાને જીવુબા જેવાં સાચાં ભક્ત બનવું છે અને મહંતસ્વામી મહારાજને રાજી કરવા છે. આથી તેમણે તેમના મિત્રો કે સગાંવહાલાં જો ખોટી વાત સમજાવતાં હતા તો તેવી વાત ન માની. તમે પણ ભગવાનના સાચા ભક્ત છો. આથી ગુરુહરિ મહંતસ્વામી મહારાજની વાત તો માનો જ! બરાબર ને? તો બોલો મારી સાથે.

## શિશુ ગુંજન

ભક્તિ કરું જીવુબા જેવી, રાજી થાયે શ્રીજી એવી,
ભજનભક્તિ સદા કરું, મહંતસ્વામીને રાજી કરું.

# ૨. આહારશુદ્ધિ



જૂનાગઢ પાસે માળિયા હાટીના નામનું ગામ છે. આ ગામમાં એક રામા હાટી નામનો માણસ રહે. આખો દિવસ કંઈ જ કામ ન કરે.

ગામની વચ્ચે આવેલા એક ઝાડ નીચે બેઠો રહે.



રામા હાટીની એક કુટેવ હતી. તે માંસાહાર કરતો અને દારૂ પીતો.

તેની આ કુટેવને કારણે બધા તેનાથી દૂર રહેતા.

એક વખત ગુણાતીતાનંદ સ્વામી આ ગામમાં આવ્યા. તેમણે રામા હાટીને જોયો. તેમણે રામાને પૂછ્યું...



'રામા! જો સિંહને આપણે દાળ-ભાત, શાક, રોટલી આપીએ તો એ ખાય?' રામો કહે, 'સિંહ એવું ન ખાય. એ તેને ખાવાની વસ્તુ નથી.'

ત્યારે સ્વામી કહે, 'રામા! જો જનાવર માણસની ખાવાની વસ્તુ ન ખાય, તો માણસે જનાવરની ખાવાની વસ્તુ ખવાય?'



રામા હાટી તો વિચારમાં પડી ગયો. તેને થયું સ્વામી સાચી વાત કરે છે. જનાવર અને માણસમાં ફેર છે. પશુ-પક્ષીઓ માંસ ખાય, બહાર ગમે તેવું પડ્યું હોય તે ખાય. પણ આપણે તો માણસ છીએ.

**આપણે માંસાહાર કરાય જ નહીં. દારૂ પીવાય જ નહીં. આપણે તો ઘરે બનાવેલું સારું ભોજન જ જમાય.**

**આહારશુદ્ધિ** : ખાવાપીવામાં ધ્યાન રાખવાની બાબતો | **કુટેવ** : ખરાબ આદત | **જનાવર** : પ્રાણી | **માંસાહાર** : માંસ ખાવું તે



બીજા દિવસે રામો ગુણાતીતાનંદ સ્વામીને પગે લાગ્યો.

તેણે નક્કી કર્યું કે, 'આજથી હું માંસ વગેરે ન ખાવાની વસ્તુઓ ક્યારેય નહીં ખાઉં.'

ગુણાતીતાનંદ સ્વામી તેના પર ખૂબ જ રાજી થઈ ગયા અને ખૂબ જ આશીર્વાદ આપ્યા.

શિશુમિત્રો જુઓ, તમારી સાથે કોઈ વાત કરવા માંગે છે...



શિશુમિત્રો! હું છું મરઘી. તમને શરીરમાં થોડું પણ
લોહી નીકળે તો કેવું દુખે છે?
તો વિચારો, અમને મારીને માણસ ખાઈ જાય
તો અમને કેવું દુઃખ થતું હશે?



હું છું ઈંડું.
ભગવાન સ્વામિનારાયણે મને ખાવાની ના પાડી છે.
ભગવાનની આજ્ઞા ન પાળીએ તો તેઓ રાજી થાય?
તમે જ વિચારો...



ભગવાનની સુંદર રચના એટલે હું - માછલી.
જેમ તમારે જીવવા માટે હવાની જરૂર છે,
તેમ મારે જીવવા માટે પાણીની જરૂર છે.
પણ વિચારો, મને જ્યારે માણસ પાણીમાંથી બહાર કાઢે અને ખાઈ
જાય છે ત્યારે મને કેવું દુઃખ થતું હશે?

BAPS





અમે છીએ - ડુંગળી અને લસણ.
અમને ખાશો તો ભગવાન સ્વામિનારાયણ અને
મહંતસ્વામી મહારાજ તમારા પર રાજી નહીં થાય!

શિશુમિત્રો! જો ગુરુહરિ મહંતસ્વામી મહારાજને રાજી કરવા હોય તો આ બધી વસ્તુઓ ન જ ખાવી જોઈએ. ગુરુહરિ મહંતસ્વામી મહારાજે તો સત્સંગદીક્ષા ગ્રંથમાં કહ્યું છે,



**‘સત્સંગીજનોએ ક્યારેય માંસ, માછલી, ઈંડાં તથા ડુંગળી, લસણ, હિંગ ન ખાવા.’**
**(સત્સંગદીક્ષા શ્લોક : ૨૯)**

શિશુમિત્રો! ઘણી વખત ચૉકલેટ, બિસ્કિટ, વેફર્સ વગેરેમાં પણ આ બધી ન ખાવાની વસ્તુઓ આવી જતી હોય છે. માટે **આપણે બરાબર તપાસ કરીને બજારમાંથી વસ્તુઓ લેવી જોઈએ.**

NON-VEG

જે પેકેટ પર બાજુમાં દેખાડેલી નોન-વેજિટેરિયનની નિશાની દોરેલી હોય તે વસ્તુ ખાઈએ તો સ્વામી રાજી ન થાય.

જે પેકેટ પર બાજુમાં દેખાડેલી વેજિટેરિયનની નિશાની દોરેલી હોય તો તે વસ્તુ લઈ શકાય.

VEG

VEGAN – 100% –

બાજુમાં બતાવેલી નિશાની જે પેકેટ પર દોરેલી હોય તો તે વસ્તુ પણ લેવાય, પણ તેમાં શું નાખેલું છે તે પણ જોવું જોઈએ.

જે પેકેટ પર VEG અને VEGAN 100% નિશાની દોરેલી હોય તેમાં Ingredients લખેલું હોય તે શોધવું.





તેમાં જો Onion, Garlic, Eggs લખેલું હોય તે વસ્તુ જો આપણે ખાઈએ તો સ્વામી રાજી ન થાય. માટે તે વસ્તુ ન જ લેવાય અને ન જ ખવાય.

**નોન-વેજિટેરિયન :** જેમાં ન ખાવાની વસ્તુઓ હોય તેવી વાનગી | **વેજિટેરિયન :** જેમાં ખાઈ શકાય તેવી વસ્તુઓ હોય તેવી વાનગી | **Ingredients** (ઈન્ગ્રેડીઅન્ટ્સ) : વાનગી બનાવવામાં વપરાયેલી સામગ્રી

તો શિશુમિત્રો! નીચે કેટલીક વસ્તુઓ બતાવી છે. તમારે તેના પર દોરેલાં ચિત્રો જોઈને અથવા તેમાં લખેલા શબ્દો જોઈને અથવા તે બનાવવા માટે વપરાયેલી સામગ્રી જોઈને નક્કી કરવાનું છે કે આ વસ્તુ ખાવાથી સ્વામી રાજી થાય કે ન થાય?

જે વસ્તુ ખાવાથી સ્વામી રાજી થતા હોય તો તેના પર ✓ કરવાની છે અને જે વસ્તુ ખાવાથી સ્વામી રાજી ન થતા હોય તે વસ્તુ પર ✗ મારવાની છે.




















# ૩. સર્વકર્તા

શિશુમિત્રો! નીચે ૧ થી ૨૮ ટપકાં આપેલાં છે. તમારે તેને જોડીને તેમાં રંગ પૂરી એક સરસ ચિત્ર તૈયાર કરવાનું છે. તો તમે તૈયાર છો ને?



વાહ! તમે તો સરસ ચિત્ર તૈયાર કર્યું. અભિનંદન!
પણ શિશુમિત્રો! આ વિમાનને ઉડાડવું હોય તો એની જાતે ઊડશે કે કોઈએ તેને ઉડાડવું પડશે?
હા, એકદમ બરાબર! વિમાન ઉડાડવા માટે પાયલટની જરૂર પડશે.



શિશુમિત્રો! તમારા ઘરમાં મમરા હોય, ચવાણું હોય, બટેટા હોય, ટામેટા હોય, લીંબુ-મરચાં-મસાલાં હોય, બધી જ વસ્તુઓ હોય. પણ એ બધી જ વસ્તુઓ જાતે ભેગી થઈને ભેળ બની જશે?

ના! ભેળ બનાવવા માટે મમ્મી જોઈએ, તો ભેળ બને.

**સર્વકર્તા :** બધું જ કરનાર

BAPS



તમારી પાસે સરસ મજાની સાઈકલ હોય, પણ તે એની જાતે ચાલવા માંડે? ના, સાઈકલ ચલાવવા માટે તેને ચલાવવાવાળા કોઈક જોઈએ.

તો શિશુમિત્રો! જરા વિચારો...
આપણી આખી આ દુનિયા પણ એની જાતે ચાલતી હશે કે કોઈ ચલાવવાવાળું હશે?



રોજ સવારે આકાશમાં સૂરજદાદા ઊગે છે... રોજ રાત્રે ચાંદામામા અને ટમટમતા તારા આકાશમાં આવી જાય છે... તો એ સૂરજ, ચાંદો, તારા... આ બધું રોજ આકાશમાં કોણ લાવતું હશે?!



બગીચામાં રંગબેરંગી ફૂલો ખીલે છે. ઝાડ પર ખાટાં-મીઠાં ફળો ઊગે છે... સરસ મજાનાં વૃક્ષો અને હરિયાળી આપણી આસપાસ પથરાય છે... તો એ ફૂલો, ફળો, હરિયાળી... આ બધું કોણ ઉગાડતું હશે?!





શિશુમિત્રો! તમે પતંગિયું જોયું છે? કેવા ભાતભાતનાં રંગનાં પતંગિયાં હોય છે! અને મોરપીંછ?! મોરના પીંછામાં કેવા સુંદર રંગો પૂર્યા હોય છે! તો એ પતંગિયામાં, મોરપીંછમાં... આવા સરસ રંગો કોણ પૂરતું હશે?!



ઊંચા-ઊંચા ડુંગરો ને ઊંડી-ઊંડી ખીણ... ખળખળ વહેતાં ઝરણાં અને આભને આંબતાં મોજાં ઉડાડતો દરિયો... કેટકેટલું છે આપણી આ દુનિયામાં!



**તો આ ડુંગર, ખીણ, ઝરણાં, દરિયો, નદી, વૃક્ષો, હવા, પાણી, પંખી, પશુ, જીવજંતુ, માણસ... અને આવું તો કેટલું બધું!!! આ બધાં આશ્ચર્યોના કરનાર, બનાવનાર, સૌને જિવાડનાર કોણ હશે? આ આખી દુનિયાના કર્તા કોણ હશે? તે તમારે જાણવું છે?**

**ખીણ :** બે ડુંગર વચ્ચેની જગ્યા | **આભને આંબતાં :** આકાશને અડે તેવા, ખૂબ ઊંચા

**તો ચાલો, એક એક્ટિવિટી કરીએ.**

નીચે જ્યાં ચાંદલો (●) કરેલો છે, ત્યાં તમને મનગમતો રંગ તમે પૂરી દો. તમને આ આખી દુનિયાના આ બધાં આશ્ચર્યો કરનાર, બનાવનાર, સૌને જિવાડનાર કોણ હશે? તે ખબર પડી જશે!

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| - | ● | ● | ● | ● | - | ● | - | ● | ● | ● | - | ● | - | ● | ● | - | ● | - | ● | - | - | - | - | ● | - |
| - | ● | - | - | ● | - | ● | - | - | - | ● | - | ● | - | ● | - | - | ● | - | ● | - | - | - | - | ● | - |
| - | ● | - | ● | ● | ● | ● | - | - | - | ● | - | ● | - | ● | - | - | ● | - | ● | - | ● | ● | ● | ● | - |
| - | ● | - | ● | ● | - | ● | - | - | - | ● | - | ● | - | ● | - | - | ● | - | ● | - | ● | ● | - | ● | - |
| - | ● | - | ● | ● | - | ● | - | - | - | ● | - | ● | - | ● | - | - | ● | - | ● | - | ● | ● | - | ● | - |
| - | ● | - | - | - | - | ● | - | ● | ● | ● | - | ● | - | ● | ● | ● | ● | - | ● | - | - | - | - | ● | - |
| - | ● | ● | - | - | - | ● | - | - | - | - | - | ● | - | - | - | - | ● | - | ● | - | - | - | - | ● | - |
| - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |

તો બોલો શિશુમિત્રો! આ દુનિયાના બનાવનારા એટલે કે આ દુનિયાના કર્તા કોણ છે? ભગવાન!
હા શિશુમિત્રો! આખી દુનિયામાં જે કંઈ થાય છે તે ભગવાન જ કરે છે.
માટે જ ભગવાન સ્વામિનારાયણે ગઢડા પ્રથમના ૨૭મા વચનામૃતમાં કહ્યું છે કે,
'પૂર્વે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ જે થશે તે **સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે.'**

## શિશુ ગુંજન

શિશુમિત્રો! નીચે પુછાયેલા પ્રશ્નોના જવાબ ખાલી જગ્યામાં લખી આખું શિશુ ગુંજન તમે પણ ગાવ.

બોલો કોણ એ, કોણ એ, કોણ હશે? આ દુનિયા બનાવનાર કોણ હશે?
એ તો મારા ભગવાન, પ્યારા પ્યારા ભગવાન.

બોલો કોણ એ, કોણ એ, કોણ હશે? ફૂલોને રંગનાર કોણ હશે?
એ તો મારા ભગવાન, પ્યારા પ્યારા ભગવાન

બોલો કોણ એ, કોણ એ, કોણ હશે? ચાંદ-તારા ચમકાવનાર કોણ હશે?
એ તો મારા ____________, પ્યારા પ્યારા ____________

બોલો કોણ એ, કોણ એ, કોણ હશે? વરસાદ વરસાવનાર કોણ હશે?
એ તો મારા ____________, પ્યારા પ્યારા ____________

બોલો કોણ એ, કોણ એ, કોણ હશે? સૌને જિવાડનાર કોણ હશે?
એ તો મારા ____________, પ્યારા પ્યારા ____________

**વચનામૃત :** ભગવાન સ્વામિનારાયણે આપેલા ઉપદેશને સમાવતો ગ્રંથ |
**પૂર્વે :** પહેલા | **અનંત :** ગણી ન શકાય તેવું | **તે વતે :** તેમના દ્વારા

શિશુમિત્રો! આખી દુનિયાના બનાવનારા ભગવાન છે.
ચાલો, ભગવાને બનાવેલી દુનિયાના નીચેના ચિત્રમાં સરસ રંગો પૂરીએ...



# ૪. જીદ

એક મોટો કૂવો હતો.
આ કૂવામાં દેડકાં રહે.
આ બધાં દેડકાં ખૂબ જ તોફાની હતાં.
ક્યારેય કોઈની વાત માને જ નહીં.





આ કૂવાની બાજુમાં એક માછીમાર રહેતો હતો. તે રોજ બપોરે કૂવા પાસે આવતો. કૂવામાં જાળ નાખતો અને બધા દેડકાંને પકડી લેતો.

દેડકાંના દાદાને આ વાતની ખબર હતી.

જ્યારે ચોમાસું આવ્યું ત્યારે તેમણે બધાં જ દેડકાંને કહ્યું, 'કોઈએ હવે બપોરે પોતાના દરમાંથી બહાર આવવું નહીં.'

પરંતુ દેડકાં તો ખૂબ જ તોફાની.





તેમણે તો જીદ પકડી.

જીદી દેડકાં કહે, 'નહીં, અમે દરમાં નહીં રહીએ... બહાર ફરીશું અને મનગમતી રમતો રમીશું, મિત્રો સાથે મઝા કરીશું.'



દાદાએ તેમને ખૂબ જ સમજાવ્યા પણ તેઓ તો જીદ કરતાં જ રહ્યા. દાદાની વાત સાંભળી જ નહીં. તેઓ દરની બહાર કૂદાકૂદ કરવાં લાગ્યાં. દાદાને આ બધાં દેડકાંની ખૂબ ચિંતા થવા લાગી.



બીજે દિવસે તો માછીમાર આવી ગયો.

તેણે કૂવામાં જાળ નાખી અને બધાં દેડકાં પકડી લીધાં. જીદ્દી દેડકાં તો ‘બચાવો... બચાવો...’ કરવા લાગ્યા. તેમને પોતાની ભૂલ સમજાઈ. દાદાજીની માફી માંગતાં બોલવા લાગ્યાં, ‘દાદાજી! અમારી ભૂલ થઈ ગઈ. અમને બચાવો...’



પછી તો દાદાજી ઝડપથી કૂવાના કાંઠે પહોંચ્યા અને માછીમારના પગમાં એવું જોરથી બચકું ભર્યું કે તેના હાથમાંથી જાળ છૂટી ગઈ. બધાં દેડકાં બચી ગયાં.

દેડકાંએ દાદાજી પાસે આવી, ક્યારેય જીદ ન કરવાનું નક્કી કર્યું.

શિશુમિત્રો! જોયું ને? **જીદનું પરિણામ ક્યારેય સારું હોતું નથી.**
આપણે પણ ઘણી વખત કોઈ વસ્તુ લેવા માટે કે પોતાની વાત મનાવવા માટે જીદ કરતા હોઈએ છીએ.
અરે! ઘણી વખત તો મમ્મી-પપ્પાની સામે જેમ-તેમ પણ બોલી જતા હોઈએ છીએ.
પણ શિશુમિત્રો! મમ્મી-પપ્પા આપણને જે કંઈ પણ કહે તે આપણા સારા માટે જ હોય છે.
જો આપણે તેમનું કહ્યું ન માનીએ અને જીદ કરીએ તો આ બધાં દેડકાં જેવી હાલત આપણી પણ થઈ જાય.



આથી જ ગુરુહરિ મહંતસ્વામી મહારાજે આપણને લખીને કહ્યું છે કે,

> જીદનું પરિણામ ક્યારેય સારું નથી આવતું. માટે આદર્શ શિશુએ જીદ ક્યારેય ન કરવી.

> જે જીદ મૂકી મોટાની વાત માને છે, તે શિશુ મને ખૂબ ગમે છે.

BAPS

હા શિશુમિત્રો! **જો આપણે જીદ કરીએ તો સ્વામીબાપાને પણ ન ગમે.**

માતા-પિતા પાસે કોઈ વસ્તુ જીદ કરીને પરાણે લઈએ તો કદાચ તેઓ વસ્તુ લઈ દે પણ તેમને ખૂબ જ દુઃખ થતું હોય છે. માટે ક્યારેય જીદ તો ન જ કરાય.

શિશુમિત્રો! શું તમે ક્યારેય તમારાં માતા-પિતા, વડીલો કે તમારાં ભાઈ-બહેન આગળ જીદ કરી છે?

ચાલો, આજે એ બધી જીદ માટે આપણે તેમની માફી માંગતો એક પત્ર લખીએ.

**પરાણે :** આગ્રહથી, **માફી :** સોરી કહેવું

તમે જો નીચેની કોઈ વાત માટે જીદ કરી હોય તો તેની બાજુમાં '✓' કરજો.

**પ્રિય માતા-પિતા, વડીલો, મારાં પ્યારાં ભાઈ-બહેન. જય સ્વામિનારાયણ.**

૧. મેં નવી વસ્તુ લેવા માટે જીદ કરી હતી. ☐

૨. મારી ભાવતી વાનગી લેવા કે બનાવવા માટે જીદ કરી હતી. ☐

૩. સ્કૂલે ન જવા માટે જીદ કરી હતી. ☐

૪. શિશુસભામાં ન જવા માટે જીદ કરી હતી. ☐

૫. મેં ભણવાના સમયે રમવા માટે જીદ કરી હતી. ☐

૬. મેં ટી.વી. જોવા માટે અથવા મોબાઈલ વાપરવા માટે જીદ કરી હતી. ☐

૭. અન્ય કોઈ જીદ કરી હોય તો અહીં લખો : ________

નીચે મોટા અક્ષરે લખો :

**"માફ કરશો, હું આજથી ક્યારેય જીદ નહીં કરું."**

________

________

________




(આ પત્ર ઘરના સભ્યોને વંચાવી sorry કહી દો.)

BAPS

વાહ શિશુમિત્રો! **જો તમે ખરેખર જીદ કરવાનું મૂકી દેશો તો ગુરુહરિ મહંતસ્વામી મહારાજ ખૂબ જ રાજી થશે.**

બસ તો શિશુમિત્રો! આજથી નક્કી કરીએ...

## શિશુ ગુંજન

**મોટા કહે તે સાચી વાત, મારા માટે સારી વાત,**
**જીદ મૂકીને વાત માનું, ગુરુહરિને ગમતો બનું...**

# ૫. વૃક્ષો આપણા મિત્રો

શિશુમિત્રો! શું આપણે ખોરાક લીધા વિના એટલે કે જમ્યા વિના જીવી શકીએ?
શું આપણે પાણી પીધા વિના જીવી શકીએ?
હવા વગર શું આપણે ૫ મિનિટ પણ રહી શકીએ?
ના! થોડીવાર પણ નહીં! કારણ કે જીવવા માટે આપણે શ્વાસ લેવો પડે. શ્વાસમાં આપણે હવામાં રહેલો ઑક્સિજન લઈએ છીએ.
પરંતુ શિશુમિત્રો! આ હવા, પાણી અને ખોરાક આપણને ક્યાંથી મળે છે જાણો છો?
આ બધું મળે છે આપણી આસપાસનાં વૃક્ષોમાંથી!




**વૃક્ષો આપણા માટે ઘણું કરે છે, માટે વૃક્ષો આપણા સારા મિત્રો છે.**

**વૃક્ષો :** ઝાડ | **ખોરાક :** ખાવાની વસ્તુ | **ઑક્સિજન :** જીવવા માટે શ્વાસમાં જે હવા લઈએ તે | **છાંયડો :** છાંયો | **ટાઢક :** ઠંડુ લાગે તેવું

વૃક્ષ ન હોય તો આપણને હવા અને પાણી કોણ આપે? આપણને ઑક્સિજન જ ન મળે તો આપણે એક મિનિટ પણ જીવી શકીએ?

આથી જ આપણને ગુરુહરિ મહંતસ્વામી મહારાજ શીખવે છે કે આપણે વૃક્ષોનો બચાવ કરવો જોઈએ.

તો ચાલો, વૃક્ષોને બચાવવા માટે આપણે શું કરવું અને શું ન કરવું તે જાણીએ.

ઝાડ કે છોડ તોડી પાડીશું નહીં.

1



લૉનમાં ઊગેલા ઘાસને નુકસાન પહોંચાડીશું નહીં.

2



બગીચામાં ઊગેલા ફૂલ છોડને પાણી છાંટીશું.

3



ઓછામાં ઓછુ એક વૃક્ષ વાવીશું અને તેને ઉછેરી મોટું કરીશું.

4



**લૉન** : ઘાસવાળી જમીન | **ઉછેરવું** : ધ્યાન રાખી સંભાળ લેવી

ચાલો, હવે આપણે નીચે બતાવ્યા પ્રમાણે સામે આપેલી ખાલી જગ્યામાં સુંદર ઝાડ બનાવવાનું છે. એ માટે તમારે થોડી કાન સાફ કરવાની સળી જોઈશે. અથવા થોડી સળી લઈ તેના આગલા ભાગમાં થોડું રૂ વીંટાળી દો. તેને વોટર કલરમાં ઝબકોળી નીચે બતાવ્યા પ્રમાણે સરસ મજાનું ચિત્ર દોરવાનું છે. તો થઈ જાઓ તૈયાર... તમે તમારા મોટા ભાઈ-બહેનની મદદ લઈ શકો છો.

Step: 01



Step: 02



Step: 03



Step: 04





તો ચાલો, શિશુમિત્રો! આપણે ભેગા મળી વૃક્ષ બનાવીએ.
એ માટે બાજુમાં બતાવ્યા પ્રમાણે નીચે સરસ મજાનું વૃક્ષ તૈયાર કરો.



શિશુમિત્રો! ચાલો આપણા વૃક્ષમિત્રોનું જતન કરવાનું આજથી જ નક્કી કરીએ.
તો બોલો સૌ મારી સાથે...

## શિશુ ગુંજન

॥ વૃક્ષો તો છે મિત્રો અમારાં, તેઓથી છે જીવન અમારાં;
વૃક્ષોની રક્ષા કરીએ, મહંતસ્વામીને રાજી કરીએ. ॥

# ૬. કુસંગ

કા...કા...કા... એક હતો કાગડો. નામ એનું કલ્લુ.

કલ્લુ તો કુસંગી કાગડો હતો. કુસંગી ક્યારેય કોઈનું સારું ન કરે.

આ કલ્લુ કાગડા સાથે ભોલુ હંસને મિત્રતા થઈ ગઈ.

બધા તો હંસને સમજાવતા કે કુસંગી કલ્લુ સાથે ના રહેવાય. પરંતુ ભોલુ કોઈની પણ વાત માને જ નહીં.





એક દિવસ કલ્લુ અને ભોલુ ઝાડ પર બેઠા હતા.

ત્યાં એક શિકારી આવ્યો. તે ઝાડ નીચે સૂતો.

પણ ભોલુએ જોયું તો તેના પર તડકો આવતો હતો.

તેથી ભોલુ હંસ પોતાની પાંખ ફેલાવીને એવી રીતે બેઠો કે જેથી શિકારીને છાંયો મળે.

પણ કલ્લુ તો કેવો હતો? કુસંગી. બધાનું ખરાબ કરે.

આથી તેણે શું કર્યું ખબર છે?

શિકારી સૂતો હતો અને તેના મોં પર ચરકીને ઉડી ગયો!

શિકારી તો છી છી છી... હાક થૂ... કરતો ઊભો થઈ ગયો.





તેણે ઉપર જોયું તો ભોલુ હંસ પાંખ ફેલાવીને બેઠો હતો. શિકારીને થયું નક્કી આ હંસ જ મારા પર ચરકી ગયો છે.

તે તો ગુસ્સે થઈ ગયો અને ભોલુને મારી નાખવા તીરકામઠું કાઢ્યું.

નિશાન લઈ તેણે ભોલુ તરફ સનનન... કરતું તીર છોડ્યું.

**તીરકામઠું : ધનુષ્યબાણ**



પણ ભગવાનની કૃપાથી શિકારી નિશાન ચૂક્યો અને ભોલુને તીર અડ્યું નહીં.

હંસ તો તરત જ ઊડી ગયો. પણ ત્યારથી ભોલુને સમજાઈ ગયું કે 'કલ્લુ કાગડા જેવા **કુસંગી મિત્ર સાથે ક્યારેય ન રહેવાય**'. બસ, ત્યારથી જ ભોલુ હંસે તે કલ્લુ કાગડાની મિત્રતા છોડી દીધી.

જોયું ને શિશુમિત્રો! આવી જ રીતે આપણને પણ ક્યારેક કુસંગ એટલે કે ખરાબ મિત્રો મળે તો આપણને પણ ખરાબ પરિણામ મળી શકે છે. ચાલો જાણીએ કે આપણા માટે કુસંગ કયા કયા છે અને તે શું નુકસાન કરે છે.



કુસંગ છે ભાઈ કુસંગ છે
ખરાબ મિત્રો કુસંગ છે,
જીવન બગડે ભાઈ જીવન બગડે
ખરાબ મિત્રોથી જીવન બગડે.



કુસંગ છે ભાઈ કુસંગ છે
ખરાબ પુસ્તકો કુસંગ છે,
મન બગડે ભાઈ મન બગડે
ખરાબ પુસ્તકથી મન બગડે.



કુસંગ છે ભાઈ કુસંગ છે
ટી.વી. મોબાઈલ કુસંગ છે,
વિચાર બગડે ભાઈ વિચાર બગડે
ટી.વી. મોબાઈલથી વિચાર બગડે.



સારા મિત્રોનો સંગ કરો ભાઈ!
સારા મિત્રોનો સંગ કરો
કુસંગનો ભાઈ ત્યાગ કરી
મહંતસ્વામીને રાજી કરો.

BAPS



એક વખત સહજ અને ખુશીને આ જ વાત દાદાજીએ એક એક્ટિવિટી દ્વારા સમજાવી હતી. તમારે પણ એ એક્ટિવિટી કરવી છે? તો થઈ જાઓ તૈયાર.

દાદાજીએ સહજ અને ખુશીને કહ્યું, 'જુઓ, નીચે ટોપલામાં ઘણીબધી કેરીઓ દોરેલી છે. તેમાં કેટલીક બગડી ગયેલી કેરીઓ છે અને કેટલીક સરસ મીઠી કેરીઓ છે. તમારે સારી અને ખરાબ કેરી જુદી પાડવાની છે.'

ત્યાં તો સહજ કહે, 'પણ દાદાજી! કઈ કેરી ખરાબ અને કઈ સારી તે અમને કેવી રીતે ખબર પડશે?'

ત્યારે દાદાજીએ કહ્યું, **'જે કેરી પર ઈયળ દોરેલી છે તે કેરી ખરાબ હશે અને તે સિવાયની સારી!** તો **તમારે જ્યાં ઈયળનું ચિત્ર છે, તેના પર લખેલા શબ્દો 'કુસંગ'ની ડસ્ટબીનમાં લખવાનું છે. અને સારી કેરી પર લખેલા શબ્દો 'સારાનો સંગ'ના બોક્સમાં લખવાનું છે.'**

સહજ અને ખુશી તો આ એક્ટિવિટી કરવા લાગ્યા. તમે પણ કરી લો આ એક્ટિવિટી!




**ડસ્ટબીન :** કચરાપેટી







BAPS

શિશુમિત્રો! આ 'કુસંગ' અને 'સારાનો સંગ' કાયમ યાદ રાખજો.
જો 'કુસંગ'થી હંમેશાં દૂર રહેશો અને 'સારાનો સંગ' રાખશો તો તમે સ્વામીબાપાના ગમતા બનશો.

તો બોલો સૌ મારી સાથે...

## શિશુ ગુંજન

|| સારા મિત્રો સારી વાત, ખરાબ મિત્રોનો નહીં સંગાથ
કુસંગને તો દૂર જ રાખું, સ્વામીબાપાને રાજી કરું. ||

# ૭. આશરો



એક હતી બકરી. લીલું-લીલું ઘાસ તેને બહુ ભાવે.

એક વખત તે ચરતી ચરતી જંગલમાં ભૂલી પડી ગઈ. ચરવામાં ને ચરવામાં સાંજ પડી ગઈ.

બકરીને તો બીક લાગી. જંગલમાં કોઈ મને ખાઈ જશે તો?



ત્યાં જ તેની નજર જમીન પર પડી.

જમીન પર જુદાં-જુદાં પ્રાણીઓના પગલાં તેને દેખાયા. બકરીને વિચાર આવ્યો. તે જંગલના રાજા સિંહનું પગલું શોધવા લાગી.

પણ આટલાં બધા પગલાંમાં સિંહ રાજાનું પગલું કયું?!

શિશુમિત્રો! શું તમે બકરીને મદદ કરશો? નીચે પ્રાણીઓનાં ચિત્ર અને પ્રાણીઓનાં પગલાં આપ્યાં છે. પ્રાણીનાં નામ લખી તમે તેના પગલાં સાથે સાચાં જોડકાં જોડી બતાવો જોઈએ.




વાહ શિશુમિત્રો! તમે તો સિંહ રાજાનું પગલું શોધી આપ્યું! બકરી તો તે સિંહના પગલાં પર બેસી ગઈ.

થોડીવારમાં ત્યાં શિયાળ આવ્યું. તે બકરીને ખાવા દોડ્યું. પહેલાં તો બકરી ડરી ગઈ, પણ પછી કહે, 'જો... હું આ પગલાં પર બેઠી છું. આ પગલું કોનું છે તને ખબર છે?'

શિયાળે જોયું તો સિંહ રાજાનું પગલું! બકરી કહે, 'આ જો, હું તો સિંહ રાજાને આશરે બેઠી છું...'

શિયાળ તો ડરીને ભાગી ગયું. બકરીને હવે હિંમત આવી ગઈ. ડર તો ક્યાંય જતો રહ્યો.





પછી તો ચિત્તો, દીપડો, ઝરખ જેવા કેટલાં બધાં પ્રાણીઓ આવ્યાં. બધાએ બકરીને જોઈ. બકરીને મારવા માટે તૈયાર પણ થયા. પણ બધાને બકરીએ સિંહરાજાનું પગલું બતાવ્યું.

બધા સિંહરાજાનું પગલું જોઈ ભાગી ગયાં. ત્યાં તો જોરથી ત્રાડ સંભળાઈ. મોટી છલાંગ મારીને વાઘ આવી ચડ્યો.

વાઘ કહે, 'ખાઉં ખાઉં... તને ખાઈ જાઉં...'

ત્યાં તો બકરી કહે, 'જો... હું સિંહરાજાના પગલાને આશરે બેઠી છું.'

વાઘ કહે, 'આશરે બેસવું એટલે શું?'

બકરી કહે, **'આશરે બેસવું એટલે શરણે થવું. એટલે કે તેમના સેવક થઈને રહેવું.** હું હવે સિંહરાજાની છું. જો તું મને હેરાન કરીશ તો તેઓ તને સજા કરશે.'

વાઘ પણ તરત જ ડરીને ત્યાંથી ભાગી ગયો.



આ વાતની ખબર સિંહરાજાને પડી. તેમણે વિચાર્યું. 'બકરીએ મારો આશરો કર્યો છે! તો હવે હું તેની સંભાળ રાખીશ.'



સિંહરાજા બકરી પાસે આવ્યા. તેમણે બકરીના માથે હાથ મૂક્યો અને કહ્યું, 'બકરી!, તું મારા પર વિશ્વાસ રાખીને મારે આશરે બેઠી છે. હું તારા પર રાજી થયો છું. હવે તારે ગભરાવાની જરૂર નથી. હું તને તારા ઘરે સહીસલામત પહોંચાડી દઈશ.'



બકરી તો ખુશ ખુશ થઈ ગઈ. સિંહરાજાએ હાથીભાઈ પર બકરીને બેસાડી અને આખા જંગલમાં ફેરવી અને હેમખેમ ઘરે પહોંચાડી દીધી.

**સહીસલામત :** કોઈ ઈજા કે નુકસાન વિના | **હેમખેમ :** સહીસલામત

જોયું ને શિશુમિત્રો!



બકરી હતી તો નાની...



તેણે સિંહનો આશરો કર્યો...



તો સૌથી ઊંચું સ્થાન મળ્યું.




તેમ તમે ભલે નાના છો, પણ...



જો મહારાજ-સ્વામીનો આશરો કરશો...



તો સૌથી ઊંચા અક્ષરધામમાં સ્થાન મળશે.

હા શિશુમિત્રો! આપણને સૌને આખી દુનિયાના રાજા એવા ભગવાન સ્વામિનારાયણ અને મહંતસ્વામી મહારાજનો આશરો છે. ભગવાન સ્વામિનારાયણ અને મહંતસ્વામી મહારાજ હંમેશાં આપણી સાથે છે. તેઓ આપણી સંભાળ રાખે છે. માટે આપણે તેમનો દૃઢ આશરો કરવો. એટલે કે,

૧. તેઓ જેમ કહે તેમ કરવું.

૨. તેમને હંમેશાં યાદ કરવા.

૩. કોઈપણ મુશ્કેલી આવે તો તેમને પ્રાર્થના કરવી.

માટે બોલો સૌ મારી સાથે...

## શિશુ ગુંજન

**આશરો છે ભાઈ! આશરો છે, સ્વામી-શ્રીજીનો આશરો છે.**
**ભગવાન મારી સાથે છે, સ્વામી-શ્રીજીનો આશરો છે.**
**મારી રક્ષા કરે છે, સ્વામી-શ્રીજીનો આશરો છે.**
**અક્ષરધામ પાકું છે, સ્વામી-શ્રીજીનો આશરો છે.**

**રક્ષા :** ધ્યાન રાખવું

# ૮. સંપ



એક મોટું ઝાડ હતું. આ ઝાડ પર સરસ મજાના કબૂતરનો એક પરિવાર રહેતો.

એ હતો કૂકૂ કબૂનો પરિવાર!

કૂકૂ કબૂ સાવ નાનું. તે તેનાં મમ્મી-પપ્પા, દાદા-દાદી, ભાઈ-બહેનની સાથે રહેતું.

સાથે રમે... સાથે જમે... સાથે જ ભગવાનને પ્રાર્થના પણ કરે...



એક દિવસની વાત છે. પરિવારના બધાં જ કબૂતરો દાણા ચણતાં હતાં.

ત્યાં જ પ્રાણીઓને, પક્ષીઓને પકડીને મારી નાખે એવો શિકારી આવ્યો. શિકારી તો આટલાં બધાં કબૂતરો જોઈને ખુશ ખુશ થઈ ગયો.



શિકારીએ એક મોટી જાળ બધા કબૂતરો પર ફેંકી. બધાં જ કબૂતરો આ જાળમાં ફસાઈ ગયાં.

હવે શું કરવું?! પણ કૂકૂ તો સમજદાર હતું. તેણે બધાને એક સાથે સંપીને પાંખ ફફડાવવા કહ્યું. પણ તેનું કોણ માને?

જાળ: કબૂતર પકળવાની જાળી



નાનકડા કૂકૂની વાત કોઈએ માની નહીં. પણ તેણે પ્રયત્ન ચાલુ કર્યો. તેણે પાંખો ફફડાવવાનું ચાલુ કરી દીધું. તેને જોઈ કૂકૂના દાદા પણ તેની સાથે થયા.

બંનેએ જોર લગાવી પાંખો ફફડાવી અને જાળ થોડીક ઊંચી થઈ. બધાં જ આ જોઈ રાજી થઈ ગયાં. તેમને કૂકૂની વાત સાચી લાગી.



બધાં જ કબૂતરોએ નક્કી કર્યું કે આપણે સંપ રાખીને ઊડવું જ છે.

પછી તો બધાં જ કબૂતરો ભગવાનનું નામ લઈ એક સાથે જોર લગાવીને ઊડ્યાં... અને આશ્ચર્ય!

કબૂતરો આખી જાળ સાથે ઉપર ઊડી ગયા અને આખો પરિવાર બચી ગયો.



બધાં જ કબૂતરોને સમજાઈ ગયું કે **જો સંપ રાખીએ તો ભલે નાના હોઈએ પણ ગમે તે અશક્ય કામ પણ કરી શકીએ છીએ.**

બધાં જ કૂકૂ કબૂ પર રાજી થઈ ગયાં અને તેને ઊંચકીને વધાવી લીધો.

BAPS

જોયું શિશુમિત્રો! જો કૂકૂના પરિવારે સંપ રાખ્યો અને સાથે મળીને ઊડ્યા તો જાળમાંથી છૂટી ગયાં.

હા શિશુમિત્રો! **સંપમાં ખૂબ જ શક્તિ છે.** ભલે આપણે નાના હોઈએ, પરંતુ જો સંપીને રહીએ તો આપણે મોટાં મોટાં કામ કરી શકીએ.

જેમ એક દોરો તો સાવ પાતળો જ હોય છે.
પણ જો આ બધા દોરા ભેગા થઈ જાય તો?
તો એ જ દોરા મજબૂત કાપડ બનાવી દે છે.



**પ્રયત્ન** : મહેનત | **અશક્ય** : ન કરી શકાય તેવું



જેમ પથ્થર તો નાના-નાના જ હોય છે. પણ જો બધા પથ્થર ભેગા થઈ જાય તો? તો તો નાના નાના પથ્થરો ભેગા થઈ મોટા પર્વત બનાવી દે છે.



ચાલો, આપણે આ વાત એક એક્ટિવિટીથી સમજીએ.

- તમે જલદીથી દીવાસળીનું એક બોક્સ લેતા આવો.
- આ બોક્સમાંથી એક દીવાસળી કાઢો અને તેને તોડી નાખો.



- હવે, દીવાસળીના બોક્સની બધી જ દીવાસળી બહાર કાઢો.
- આ બધી દીવાસળીને એક સાથે ભેગી કરો.
- હવે તે બધી જ દીવાસળી તોડવાનો પ્રયત્ન કરો.

દીવાસળીઓ તૂટી?

ના! દીવાસળી ભલે નાની હતી... પણ બધી ભેગી થઈ ગઈ તો તૂટી નહીં! બરાબર ને?

બસ, એવી જ રીતે નાના હોય કે મોટા, પણ જો તમે તમારાં મિત્રો સાથે, તમારાં ભાઈ-બહેન સાથે ભેગાં થઈને સંપીને રહો તો તો મોટાં મોટાં કામ પણ સહેલાઈથી કરી શકો.

**પર્વત** : ડુંગર

શિશુમિત્રો! શું તમને ખબર છે કે આપણા ગુરુહરિ મહંતસ્વામી મહારાજને સૌથી વધારે શું ગમે છે? મહંતસ્વામી મહારાજને ૨૦૧૭માં તમારા જેવા જ લેનેશિયા (આફ્રિકા)ના શિશુઓએ પૂછ્યું હતું કે, ‘સ્વામીબાપા! તમને સૌથી વધારે શું ગમે છે?’

ત્યારે મહંતસ્વામી મહારાજે કહ્યું, ‘મને ગમે છે - SAMP. મને સંપ બહુ જ ગમે છે.’

હા શિશુમિત્રો! જો આપણે સંપ રાખીએ તો ગુરુહરિ મહંતસ્વામી મહારાજ આપણા પર ખૂબ જ રાજી થાય. મહંતસ્વામી મહારાજે સંપ રાખવા માટેનું એક સુંદર ચિત્ર દોર્યું છે. આ રહ્યું જુઓ...




તમારે બાજુના બૉક્સમાં મહંતસ્વામી મહારાજે દોરેલું ચિત્ર વિવિધ રંગોથી દોરવાનું છે...
તો થઈ જાઓ તૈયાર!

શિશુમિત્રો! તમારા પરિવારમાં સંપ વધે તે માટે તમારે શું કરવું?
આ વાત તમારાં મમ્મીને પૂછજો...
તમારા મિત્રો સાથે સંપ કેવી રીતે વધે? તે વાત તમે તમારા પપ્પાને પૂછજો.
તેઓ જે કહે તે અહીં લખો.

તમે આ પ્રમાણે કરશો ને?

તો બોલો સૌ મારી સાથે.

**શિશુ ગુંજન**

**ચાલો આજે નક્કી કરીએ, હળીમળીને સાથે રહીએ,**
**સૌની સાથે સંપ રાખીને, ગુરુહરિના વ્હાલા થઈએ.**

**વ્હાલા :** મનગમતા

BAPS

# ૯. સહજાનંદ નામાવલી



શિશુમિત્રો!, આ છે જયરાજ

ઘરમાં સૌ તેને પ્રેમથી 'જય' કહી બોલાવે છે. તો એના દાદીમા તેને 'જયેશ' પણ કહે છે.

મિત્રો તેને 'જયુ' કહે છે. તો ક્યારેક તેને 'જયરામ' પણ કહે છે.

શિશુમિત્રો! તમારા કે તમારા કોઈપણ એક મિત્રના પણ આવાં જુદાં-જુદાં નામ તમે જાણતા હશો ને! તો અહીં લખી બતાવો.

| | | |
|---|---|---|
| ............ | ............ | ............ |
| ............ | ............ | ............ |

શિશુમિત્રો! આપણા ઘનશ્યામ મહારાજની પણ એક આવી જ વાત છે.



ઘનશ્યામ મહારાજ જ્યારે નાના હતા ત્યારે તેમનું નામ પાડવા માર્કંડેય મુનિ આવેલા. તેમણે ઘનશ્યામ પ્રભુનાં નામ કહેલાં – 'હરિકૃષ્ણ', 'ઘનશ્યામ' અને 'નીલકંઠ'.

શિશુમિત્રો! નીચેનાં ફૂલો પર આ ત્રણેય નામ લખેલાં છે. તેમાં જ્યાં 'હરિકૃષ્ણ' દેખાય ત્યાં લાલ રંગ, 'ઘનશ્યામ' દેખાય ત્યાં પીળો રંગ અને જ્યાં 'નીલકંઠ' દેખાય ત્યાં વાદળી રંગ પૂરવાનો છે. તો થઈ જાવ તૈયાર.




શિશુમિત્રો! ભગવાનનાં નામ તેમનામાં રહેલા ગુણો પરથી પડે છે. ભગવાનમાં તો અનંત ગુણો રહેલા છે, આથી તેમનાં નામ પણ આપણે ગણી ન શકીએ એટલાં અનંત છે! ભગવાન સ્વામિનારાયણના અનંત ગુણોમાંથી ૧૦૮ ગુણોના નામનો એક સમૂહ તૈયાર થયો, જેને કહે છે, 'સહજાનંદ નામાવલી'. આ 'સહજાનંદ નામાવલી'નો મહિમા જાણો છો? ચાલો, જાણીએ.



આજે સહજ અને ખુશી ખૂબ જ દુ:ખી હતા. દરરોજ તો બંને ભાઈ-બહેન મોજ-મજા કરતા હોય. પણ આજે ઉદાસ હતા. તેમને ઉદાસ જોઈ દાદાજીને આશ્ચર્ય થયું. તેમણે પાસે આવીને પૂછ્યું, 'શું થયું, બેટા?!'

'દાદાજી! આજે તો બહુ ખોટું થઈ ગયું.' સહજે કહ્યું. દાદાજી કહે, 'પણ શું થયું છે એ તો બોલો.'

**અનંત :** ગણતા અંત ન આવે તેવું

‘દાદાજી! અમે દરરોજ સામે બગીચામાં રમવા જઈએ છીએ. ત્યાં અમે બિલાડીના એક બચ્ચાને દરરોજ રમાડતા હતા. પણ આજે...’ આમ કહી ખુશી રડવા માંડી.

સહજે કહ્યું, ‘આજે એ બચ્ચું અમને મળ્યું જ નહીં.’

દાદાજી કહે, ‘અરે એ તો ક્યાંક બીજે જતી રહી હશે.’ ત્યાં તો ખુશી કહે, ‘ના, બીજાં બધાં જ બચ્ચાં હતાં, પણ સફેદ બચ્ચું હતું જ નહીં.’

સહજ કહે, ‘અને પેલો વિવેક કહેતો હતો કે એને તો કોઈક ઉપાડી ગયું છે. હવે એ ક્યારેય પાછું નહીં આવે. અમને હવે એ બચ્ચું ક્યારેય નહીં મળે.’ આમ કહી તે પણ રડવા જેવો થઈ ગયો. ખુશી કહે, ‘મને તો ચિંતા થાય છે કે એને કંઈ થઈ ગયું હશે તો? એ તો કેટલું નાનકડું બચ્ચું હતું.’



દાદાજી આ સાંભળીને કહે, ‘જો બેટા! આપણને બધાને ચિંતા થાય એ સાચી વાત છે. પણ આવી ચિંતા આવે ત્યારે રડવા ન મંડાય. ચિંતા હોય કે દુઃખ, રડવાથી કંઈ દૂર થતા નથી.’

‘પણ તો અમારે કરવું શું?’ બંનેએ દાદાજીને પૂછ્યું. ત્યારે દાદાજીએ કહ્યું, ‘એ માટે જ ગુરુહરિ મહંતસ્વામી મહારાજે આપણને એક સરસ ભેટ આપી છે. એ છે, ‘સહજાનંદ નામાવલી’. જો દુઃખ કે ચિંતા આવે તો આપણે સહજાનંદ નામાવલીનો પાઠ કરીએ તો આપણને શાંતિ મળે છે. તે દુઃખ અને ચિંતાને દૂર કરવાનો રસ્તો મળે છે. તો ચાલો, આપણે પણ તમારું આ દુઃખ દૂર થાય તે માટે સહજાનંદ નામાવલીનો પાઠ કરીએ.’

સહજ અને ખુશીને દાદાજીની વાત સાચી લાગી. તેઓ દાદાજીની સાથે સહજાનંદ નામાવલીના પાઠમાં જોડાયા.

શિશુમિત્રો! જુઓ, ગુરુહરિ મહંતસ્વામી મહારાજ આ ‘સહજાનંદ નામાવલી’નો કેવો મહિમા લખીને કહે છે.




હા, શિશુમિત્રો! ‘સહજાનંદ નામાવલી’થી આપણાં બધાં જ દુઃખ દૂર થાય છે. ક્યારેક આપણા પરિવારમાં દુઃખ આવ્યું હોય, ક્યારેક ચિંતા થતી હોય, ક્યારેક ડર લાગતો હોય... એ વખતે ‘સહજાનંદ નામાવલી’ બોલવાથી આપણને શાંતિ થાય છે.

તમને થશે કે 'સહજાનંદ નામાવલી'નો પાઠ ક્યારે કરવો? એટલે કે બોલવી ક્યારે? તો સાંભળો...

સવારે પૂજા વખતે પાઠ થઈ શકે.

સારા કાર્યની શરૂઆતમાં પાઠ થઈ શકે.

દુઃખના પ્રસંગમાં પાઠ થઈ શકે.

શિશુમિત્રો! ચાલો, અત્યારે જ આપણે સૌ 'સહજાનંદ નામાવલી'નો પાઠ કરીએ.
તે માટે, અહીં બતાવ્યા પ્રમાણે તૈયારી કરીશું.



1. ઠાકોરજીની મૂર્તિ એક પાટલા પર પધરાવીશું.

2. ત્યારબાદ વાટકીમાં ચોખા લઈશું.

3. હવે 'સહજાનંદ નામાવલી'નું એક-એક નામ બોલી, 'નમઃ' શબ્દ બોલવો અને ચોખાને પધરાવવા.

(નોંધઃ સહજાનંદ નામાવલી મમ્મી/પપ્પા કે કાર્યકર પાસેથી મેળવવી)

તો ચાલો, આપણે સૌ 'સહજાનંદ નામાવલી'નો પાઠ કરીએ અને સ્વામીબાપાને રાજી કરીએ.
ઓમ શ્રી સ્વામિનારાયણાય નમઃ।

## શિશુ ગુંજન

॥ સુખ હોય કે દુઃખની વાત, કરો સહજાનંદ નામાવલી પાઠ
સુખી રહે તન ને મન, પ્રભુમય વીતે જીવન ॥

# ૧૦. નિયમ

એક હતો બાળક. નામ તેનું નીરવ.
નીરવને ગણિત વિષય ખૂબ અઘરો લાગે.
અને આજે શાળામાં એ જ વિષયની પરીક્ષા હતી.
તેથી નીરવ આજે ચિંતામાં હતો.






ટન...ટન...ટન... બેલ વાગ્યો અને પરીક્ષા શરૂ થઈ. બધા વિદ્યાર્થીઓનાં હાથમાં પેપર આવ્યાં.

પેપર એવું અઘરું હતું કે બધાને પરસેવો છૂટવા માંડ્યો.

પણ ત્યાં તો શિક્ષક કામથી ક્લાસની બહાર ગયા.

હવે તો બધા વિદ્યાર્થીઓને મજા પડી ગઈ.

બધા જ આજુબાજુમાંથી જોઈ જોઈને લખવા માંડ્યા.

આ જોઈ નીરવને પણ થયું કે ‘બધા જ ચોરી કરે છે, તો હું પણ ચોરી કરી લખવા માંડું.’





પણ ત્યાં જ તેને ચોરી નહીં કરવાનો નિયમ યાદ આવ્યો.

‘જો હું ચોરી કરીશ તો મારો નિયમ તૂટશે. **જો નિયમ તૂટશે તો સ્વામી રાજી નહીં થાય.’**

આમ વિચારી તે તો જેટલું આવડે એટલું લખવા માંડ્યો.

ઓચિંતા જ શિક્ષક કામ પૂરું કરી ક્લાસમાં આવ્યા. શિક્ષકે જોયું તો બધા જ ચોરી કરતા હતા. પણ નીરવ? તેનું ધ્યાન તો પોતાનાં પેપરમાં જ હતું.

તેમણે ચોરી કરનાર વિદ્યાર્થીઓને શિક્ષા કરી અને નિયમ પાળવા બદલ નીરવને શિક્ષકે ખૂબ ખૂબ શાબાશી આપી.




જોયું ને શિશુમિત્રો! જો નીરવે નિયમ પાળ્યો તો તેની રક્ષા થઈ અને તેને શાબાશી પણ મળી.
પણ જો નિયમ તોડી ચોરી કરી હોત તો? તો તેને પણ સજા થઈ હોત.
માટે જ ગુરુહરિ મહંતસ્વામી મહારાજ આપણને લખીને કહે છે,



જે નિયમ પાળે તે
અક્ષરપુરુષોત્તમના સિંહ સંતાન છે.

હા શિશુમિત્રો! આપણે પણ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુહરિ મહંતસ્વામી મહારાજના સિંહસંતાન છીએ. સિંહ ક્યારેય કોઈથી બીએ? તે ક્યાંય પાછો પડે? નહીં. તે જ રીતે આપણે પણ નિયમ પાળવામાં પાછા ન પડીએ તો શ્રીજીમહારાજ અને ગુરુહરિ મહંતસ્વામી મહારાજ ખૂબ જ રાજી થાય છે.

BAPS

શિશુમિત્રો! તમારાં જેવાં આદર્શ શિશુઓ મહંતસ્વામી મહારાજને રાજી કરવા માટે હંમેશાં નિયમ પ્રમાણે જ વર્તે છે. સુરતમાં રહેતી એક બાલિકા સૂક્તિ પરમારનો પ્રસંગ જોઈએ.



**સિંહસંતાન :** નિયમ પાળવામાં સિંહ જેવી દૃઢતા રાખનાર



૪ વર્ષની સૂક્તિ એક વખત સંબંધીઓ સાથે નાગપુર જતી હતી.

તેઓ બીજા દિવસે બપોરે ૧૨ વાગે નાગપુર પહોંચવાના હતા.

પરંતુ રસ્તામાં ૩ કલાક જેટલું મોડું થયું.



હવે તેઓ છેક ૩ વાગે નાગપુર પહોંચવાના હતા. આથી સાથેના સૌએ સૂક્તિને કહ્યું, ‘તું કંઈક ખાઈ લે.’

સૂક્તિને ભૂખ તો લાગી જ હતી. પરંતુ, હજુ નાહવાનું અને પૂજા બંને બાકી હતાં.



તેથી તેણે કહ્યું, ‘પૂજા કર્યા વિના કંઈ ન લેવાનો મારે નિયમ છે.’ બધાએ ખૂબ આગ્રહ કર્યો પણ સૂક્તિ નિયમ પાળવામાં દૃઢ હતી.

અંતે તેની માતાએ ૧૨ વાગે એક સ્ટેશન પર તેને નવડાવી.

એ પછી સૂક્તિએ બસમાં પૂજા કરી.



બસમાં પ્રદક્ષિણા કેમ થાય? તેથી માતાએ તેને પછી કરી લેવા કહ્યું. ત્યારે સૂક્તિ કહે, ‘પૂરેપૂરી પૂજા ન કરીએ તો સ્વામીબાપા રાજી ન થાય.’

આમ કહી તેણે બસમાં પ્રદક્ષિણા પણ કરી. બસમાં રહેલા તમામ મુસાફરો આ નાનકડી સૂક્તિની નિયમ પાળવાની દૃઢતા જોઈ જ રહ્યા.

દૃઢ : ફરે નહીં તેવી

જોયું ને શિશુમિત્રો! નિયમ પાળે તે સૌને ગમે. પણ આપણે કયા-કયા નિયમો પાળવાના છે? જાણો છો? તો ચાલો, એક સરસ મજાની રમત રમીએ અને આપણે પાળવાના નિયમો યાદ કરીએ.
નીચે વિવિધ રંગના બોક્સમાં ખાલી જગ્યા આપી છે. તમારે તેના સાચા જવાબ બાજુમાં આપેલા બોક્સમાં લખવાના છે. જે રંગના બોક્સમાં સવાલ છે એ જ રંગનાં ખાનાંમાં તમારે જવાબ લખવાનો છે અને હા, ચિંતા ના કરશો, તમારી મદદ માટે નીચે જવાબ પણ આપ્યા છે. તો થઈ જાઓ તૈયાર...

- હું હંમેશાં સ્વામીબાપાની આજ્ઞા પ્રમાણે ગળામાં કંઠી પહેરીશ.
- હું સવારે વહેલા ઊઠી, સ્નાન કરીને ......... કરીશ.
- પૂજા બાદ હું માતાપિતાને ......... કરીશ.
- હું દર અઠવાડિયે નિયમિત ......... માં જઈશ.
- હું રોજ રાત્રે ઘરનાં બધા સભ્યો સાથે ......... કરીશ.
- હું નિયમિત સવાર-સાંજ ઘરમંદિરમાં ......... કરીશ.
- હું ......... મિત્રોનો સંગ નહીં કરું.
- હું નિયમિત ......... કલાક અભ્યાસ કરીશ.
- હું ......... નો ઉપયોગ વિવેકથી કરીશ.




(પંચાંગપ્રણામ, પૂજા, કુસંગી, કંઠી, આરતી, ૩, ઘરસભા, શિશુસભા, ટી.વી.-મોબાઈલ)

શિશુમત્રો, તમે ઉપરના નિયમો પાળી સ્વામીબાપાને રાજી કરશો ને? તો બોલો સૌ મારી સાથે...

## શિશુ ગુંજન

હું છું સિંહસંતાન, નિયમ પાળું સારધાર,
સ્વામીબાપાનો છું બાળ, નિયમ પાળું સારધાર,
રાજી કરવા છે ભગવાન, નિયમ પાળું સારધાર,
નિયમ પાળું સારધાર, હું છું સિંહસંતાન.

**સારધાર :** દૃઢતાથી

# ૧૧. મહેનત



શિશુમિત્રો!
આ સરસ મજાની સાઈકલ છે.
પરંતુ જો તમે તેના પેડલ જ ન
મારો તો સાઈકલ ચાલે?
ના! **સાઈકલ ચલાવવા**
**મહેનત કરવી પડે.**



રમતનું ગ્રાઉન્ડ હોય,
તેનાં બધા જ સાધનો હોય,
પણ જો તમે રમવા જ ન જાઓ,
તો રમત રમવાનો આનંદ મળે?
ના! રમતનો આનંદ
લેવા માટે આપણે
**રમવાની મહેનત કરવી પડે.**



આ ચોપડીનું ચિત્ર જોઈને
શું આપણે ભણવામાં પહેલો
નંબર લાવી શકીએ?
ના! પહેલો નંબર લાવવા માટે
આપણે જાતે જ ભણવું પડે અને
**મહેનત કરવી પડે.**

તમે હૉસ્પિટલમાં મોટા ડૉક્ટરને જોયા છે? આકાશમાં પ્લેન ઉડાવનારા પાઇલટને જોયા છે? કે પછી મોટા મોટા બિલ્ડિંગ બનાવનારા એન્જિનિયરને મળ્યા છો?

કોઈપણ જગ્યાએ જેઓ આગળ વધ્યા છે, તેમણે પહેલા ખૂબ જ મહેનત કરી છે.




ચાલો, એક એવા મહેનતુ બાળકનો પ્રસંગ સાંભળીએ...



એક બાળક હતો. તેને ભણવામાં કંઈ યાદ જ નહોતું રહેતું. તેથી તેણે તેના ગુરુજીને વાત કરી.



ગુરુજીએ તેને કહ્યું, 'તું એક વાટકો ભરીને તલ લે. તેમાંથી એક જ તલ લઈ ભણવાનો એક શ્લોક બોલવાનો. ફરી બીજો તલ લઈ તે જ શ્લોક બોલવાનો. એમ આખો વાટકો પૂરો થાય ત્યાં સુધી તે જ શ્લોક બોલજે.'

તે બાળકને સફળ થવું હતું. આથી તે એક તલ હાથમાં લે. એક શ્લોક બોલે અને તે તલ ખાલી વાસણમાં નાખે. આવી રીતે વાટકામાંથી બધા તલ ખાલી પાત્રમાં નખાઈ જાય ત્યાં સુધી શ્લોક બોલે.

તેથી તે એક શ્લોક યાદ રહી જાય. ત્યારપછી એ જ રીતે બીજો શ્લોક યાદ કરે.





તે નિયમિત દિવસ રાત ખૂબ મહેનત કરવા લાગ્યો. તેની મહેનતને કારણે એક દિવસ તે મહાન પંડિત બની ગયો અને તેમનું નામ પડ્યું: તલતુંબડિયા શાસ્ત્રી. તેઓ સંસ્કૃત ભાષાના ખૂબ મોટા વિદ્વાન બન્યા.

**પાત્ર** : વાસણ | **વિદ્વાન** : જ્ઞાની



શિશુમિત્રો! જો ખૂબ જ મહેનત સાચી રીતે
કરવામાં આવે તો તેનું પરિણામ મળે જ.
જુઓ, ગુરુહરિ મહંતસ્વામી મહારાજ
આપણને લખીને શું કહે છે?




**હા શિશુમિત્રો! સ્વામીબાપાએ આપણને સફળતાનો સૌથી મોટો ઉપાય બતાવ્યો છે, સખત મહેનત.**

ચાલો, હવે થોડી મહેનત પણ કરી લઈએ.
અહીં નીચે તમને સરસ મજાનાં ચિત્રો આપેલાં છે, પણ તે અધૂરાં છે.
તમે જો તે ચિત્રની બાજુમાં તેના જેવું ચિત્ર દોરી નાખશો,
તો એક સુંદર આકાર બની જશે. તેમાં સુંદર રંગ પૂરી દો.

નાના નાના ચોરસ બોક્સનો ઉપયોગ પણ તમે કરી શકશો.
તો મહેનત કરવા થઈ જાઓ તૈયાર....



## શિશુ ગુંજન

**સફળતા મેળવવા માટે, મહેનત કરો ભાઈ! મહેનત કરો,**
**સૌથી આગળ વધવા માટે, મહેનત કરો ભાઈ! મહેનત કરો.**

**સખત** : અતિશય, ખૂબ જ

# ૧૨. આદર્શ શિશુ

શિશુમિત્રો! નીચે આપેલી વસ્તુઓમાંથી તમને જે વસ્તુ ગમે તે પર તમારે ટીક ✓ કરવાનું છે. અને જે વસ્તુ ન ગમે તેના પર ચોકડી ✗ કરવાની છે. તો ચાલો થઈ જાઓ તૈયાર...














BAPS

મને ખબર છે, તમે સારી વસ્તુઓ જ પસંદ કરી હશે. બરાબર ને? બસ, એ જ રીતે આ દુનિયામાં દરેક લોકોને સારી જ વસ્તુ ગમે છે. આપણા વર્તન માટે પણ એવું જ છે.

તો ચાલો, નીચેના પ્રશ્નોના જવાબ આપો.



આ છે મિલન. તે હંમેશાં ઝઘડો જ કર્યા કરે છે. તો શું મિલન સાથે કોઈ મિત્રતા કરશે?

હા ◯ ના ◯



રુચી ક્યારેય તેનાં મમ્મી-પપ્પાની વાત માનતી જ નથી. તો શું તે કોઈને ગમશે?

હા ◯ ના ◯




ચિંતન ગાળો બોલે છે,
તો તેનું આ વર્તન બરાબર કહેવાય?

હા ◯ ના ◯

બધાનો જવાબ ના જ હશે! બરાબર ને? જેમ દુનિયામાં બધાને સારી વસ્તુ જ ગમે છે, તેમ જ બાળક પણ સારા જ ગમે. જો આપણે સૌને ગમે તેવા બનવું હોય તો એ માટે આદર્શ બનવું પડે. આથી જ ગુરુહરિ મહંતસ્વામી મહારાજે કહ્યું છે,



# આદર્શ બનો

પરંતુ આદર્શ બનવું એટલે શું?

**આદર્શ બનવું એટલે આદર્શ વિદ્યાર્થી બનવું.**
- રોજ ૩ કલાક અભ્યાસ કરવો.
- શાળામાં નિયમિત જવું.
- શિક્ષકોનો આદર કરવો.
- શિક્ષકે આપેલ લેશન સમયસર પૂરું કરવું.





**આદર્શ બનવું એટલે આદર્શ બાળક બનવું.**
- દરરોજ માતાપિતાને પંચાંગ પ્રણામ કરવા.
- તેમની આજ્ઞા પાળવી.
- માતાપિતા અને વડીલોની સેવા કરવી.
- કોઈ વસ્તુ માટે જીદ ન કરવી.

**આદર્શ બનવું એટલે આદર્શ મિત્ર બનવું.**
- ક્યારેય કોઈ સાથે ઝઘડો ન કરવો.
- હંમેશાં સાચું જ બોલવું.
- સારા મિત્રોનો સંગ કરવો.
- દરેક સાથે હળી મળીને રહેવું અને સંપ રાખવો.





**આદર્શ બનવું એટલે આદર્શ ભક્ત બનવું.**
- રોજ સવારે નિત્યપૂજા કરવી.
- ઘરમંદિરમાં આરતી, થાળ કરવા.
- શિશુ સભામાં નિયમિત જવું.
- નિયમિતપણે એકાદશી કરવી.

શિશુમિત્રો! જો આવી રીતે આપણે આદર્શ વિદ્યાર્થી, આદર્શ બાળક, આદર્શ મિત્ર અને આદર્શ ભક્ત બનીએ તો આપણા ગુરુહરિ મહંતસ્વામી મહારાજ ખૂબ જ રાજી થાય.

શિશુમિત્રો! નીચે આદર્શ શિશુના કેટલાક ચિત્રો અને તેને વર્ણવતા સદ્‌ગુણો નીચે આપ્યા છે. પરંતુ તે આડાઆવળાં છે. તમારે તે ચિત્રો અને તેને વર્ણવતા સદ્‌ગુણોના જોડકાં જોડવાના છે.

ચિત્રોમાં જ્યાં મોટું ટપકું કરેલું છે, ત્યાંથી જો દર્શાવ્યા પ્રમાણે ફૂટપટ્ટી લઈને સીધી લાઈન દોરશો તો એક સરસ આકાર તૈયાર થઈ જશે. જેમાં તમારે રંગ પૂરવાના છે!



માતાપિતાને પંચાંગપ્રણામ

નિયમિત શિશુ સભા





મિત્રો સાથે સંપ

૩ કલાક અભ્યાસ



નિત્યપૂજા



શિશુમિત્રો! મહંતસ્વામી મહારાજને રાજી કરવા માટે આપણે આ વાત હંમેશાં યાદ રાખીશું. તો બોલો સૌ મારી સાથે...

## શિશુ ગુંજન

**ભણીએ ગણીએ, વિનયી બનીએ, સેવાનાં અમે પાઠો શીખીએ,**
**આદર્શ શિશુ બનીને અમે, ગુરુહરિને રાજી કરીએ.**

**વર્ણવતા :** વર્ણન કરતા

# ૧૩. સંસ્કૃતિ ચિહ્નો

શિશુમિત્રો! આજે છે, દિવાળી પર્વ. સહજ ફટાકડા ફોડીને પોતાના ઘરે પહોંચ્યો છે. આ જુઓ, તેમનું ઘર! ધ્યાનથી જુઓ અને નીચેના પ્રશ્નોના ફટાફટ જવાબ આપો...




સહજની માતા ઘરની બહાર શું મૂકી રહી છે? ..............................

સહજની બહેને રંગોળીમાં બરાબર વચ્ચે શું દોર્યું છે? ..............................

ઘરમાં બાંધેલા તોરણમાં શું લખાયું છે? ..............................

દાદાજી શું કરી રહ્યા છે? ..............................

ચોપડા પૂજન કરાવી રહેલા ગોર મહારાજ શું બાંધી રહ્યા છે? ..............................

મંદિરમાં શ્રીફળ કોના પર મૂકેલું છે? ..............................

આરતીની થાળીમાં દીવાની બાજુમાં શું મૂકેલું છે? ..............................

શિશુમિત્રો! તમને આ દરેક ચિત્રોનાં નામ આવડ્યા?

કેટલાંક ચિત્રો તમે ઓળખી ગયાં હશો, અને કેટલાંક નહીં. બરાબર ને? શિશુમિત્રો! તમે જે ચિત્રો જોયાં તે બધાનું આપણા હિંદુ ધર્મમાં ખૂબ જ મહત્ત્વ રહેલું છે. ચાલો, આજે તેમના વિષે અવનવી વાતો જાણીએ...



ૐ



અહીં ૐ દોરો.

- ૐ(ઓમ) એ હિંદુ ધર્મનું સૌથી પવિત્ર ચિહ્ન છે.
- તેના ઉચ્ચારણમાં ‘અ’ ‘ઉ’ અને ‘મ’ એમ ત્રણ અક્ષરનો ઉપયોગ થાય છે.
- ૐ બોલવાથી મન શાંત થાય છે.

- આ ચિહ્નને સ્વસ્તિક અથવા સાથિયો કહેવામાં આવે છે.
- ‘સુ’ એટલે સારું અને ‘અસ્તિ’ એટલે હોવું. આમ સ્વસ્તિક એટલે સૌથી સારા એવા ભગવાનની શક્તિની હાજરી.
- શુભ કાર્યો વખતે કંકુ અથવા ચોખા દ્વારા સ્વસ્તિક કરવામાં આવે છે.



સ્વસ્તિક



અહીં સ્વસ્તિક દોરો.



જનોઈ



અહીં જનોઈ દોરો.

- આ જનોઈ છે. તે બ્રહ્મચર્યનું પ્રતીક છે.
- પહેલાના સમયમાં વિદ્યાર્થીઓ ગુરુકુળમાં અભ્યાસ કરવા જતાં પહેલાં જનોઈ ધારણ કરતા.
- જનોઈમાં રહેલા ત્રણ દોરા ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનું પ્રતીક છે.

- આ કળશ છે. દરેક શુભ કાર્યમાં કળશનો ઉપયોગ થાય છે. કળશમાં રહેલાં પાન અને શ્રીફળને પર્યાવરણનું પ્રતીક માનવામાં આવે છે.
- કળશને ‘અમૃત કુંભ’ પણ કહેવાય છે.



કળશ



આપેલા કળશમાં રંગ પૂરો.

BAPS



દીવો



આપેલા દીવામાં રંગ પૂરો.

- હિંદુ ધર્મમાં ભગવાનની શક્તિનું પવિત્ર પ્રતીક એટલે દીવો.
- દીવાની જ્યોત આપણને ભગવાનની શક્તિ અને ભગવાનનું જ્ઞાન આપે છે.
- દીવો ખરાબ વિચારોનો નાશ કરે છે.

- મહાપૂજા જેવી ધાર્મિક વિધિમાં આપણા જમણા કાંડા પર જેને બાંધવામાં આવે છે, તેને કહેવાય નાડાછડી.
- નાડાછડી દ્વારા ભગવાન આપણી રક્ષા કરે છે. નાડાછડી બાંધનાર વ્યક્તિનું સ્વાસ્થ્ય સારું રહે અને ભગવાન તેને સારું ફળ આપે તેવી પ્રાર્થના કરવામાં આવે છે.



નાડાછડી



અહીં નાડાછડી દોરો.



માળા

અહીં માળાનું ચિત્ર દોરી તેમાં રંગ પૂરો.

- આ માળા છે. ભગવાનમાં આપણું મન જોડી મંત્ર બોલતાં બોલતાં ભક્તો માળા ફેરવે છે.
- માળામાં કુલ ૧૦૮ મણકા અને એક મેરુ(ફૂમતું) હોય છે.
- હિંદુ ધર્મમાં માળાજાપ કરી ભગવાનને યાદ કરવાની એક અનોખી રીત છે.

- મંદિરમાં જોવા મળતો ઘંટ પવિત્ર અવાજ કરે છે.
- ઘંટનો અવાજ આપણા મનમાંથી ખરાબ વિચારોનો નાશ કરી મનને શાંત કરે છે.
- આરતી સમયે મંદિરમાં ઘંટ અને ઘરમંદિરમાં નાની ઘંટડી વગાડવામાં આવે છે.



ઘંટ



અહીં ઘંટના ચિત્રમાં રંગ પૂરો.

- સ્વામિનારાયણ ધર્મનું મહત્ત્વનું પ્રતીક એટલે તિલક અને ચાંદલો.
- ભક્તનું મસ્તક હંમેશાં ભગવાનનાં ચરણોમાં જ રહે તેવું આ ચિહ્‌ન સૂચવે છે.
- તમામ બાળકોએ તિલકચાંદલો અને તમામ બાલિકાએ કપાળમાં ચાંદલો કરવાની આજ્ઞા શ્રીજીમહારાજે કરી છે.



તિલક ચાંદલો

અહીં તિલક ચાંદલો દોરો.

શિશુમિત્રો! અહીં તમને વિવિધ પ્રતીકો આપ્યાં છે.
કયા પ્રતીક કેટલી સંખ્યામાં આપ્યાં છે તે ગણીને નીચે તમારે આપેલી ખાલી જગ્યામાં લખવાનું છે.



ઓમ: ______________ કળશ: ______________ માળા: ______________

સ્વસ્તિક: ______________ દીવો: ______________ ઘંટ: ______________

જનોઈ: ______________ નાડાછડી: ______________ તિલક-ચાંદલો: ______________

# ૧૪. ધ્રુવ

શિશુમિત્રો! સહજ અને ખુશી અહીં આકાશમાં એક તારો શોધી રહ્યા છે. તો ચાલો સરખા દેખાતાં બંને ચિત્રોમાંથી આપણે ૮ તફાવત શોધી કાઢીએ.





તમને ખબર છે? સહજ અને ખુશી કયો તારો શોધી રહ્યાં છે?
સહજ અને ખુશી ધ્રુવનો તારો શોધી રહ્યાં છે. તમને થતું હશે કે તારાનું પણ નામ હોય?
હા શિશુમિત્રો! ધ્રુવ નામનો પણ તારો છે, પણ એનું નામ ધ્રુવ કેમ પડ્યું હશે?
ચાલો, આપણે એ જાણીએ.



ઉત્તાનપાદ નામના એક રાજા હતા. તેમને સુરુચિ અને સુનીતિ એમ બે રાણી હતી. સુરુચિ રાણીના દીકરાનું નામ ઉત્તમ અને સુનીતિ રાણીના દીકરાનું નામ ધ્રુવ હતું. એક વખત ઉત્તાનપાદ રાજાના ખોળામાં ઉત્તમ રમતો હતો.

ધ્રુવને પણ પપ્પાના ખોળામાં બેસવાનું મન થયું. પણ સુરુચિ રાણીએ તેને બેસવા ન દીધો. આથી ધ્રુવ તો દુ:ખી થઈ ગયો. તે રડતો રડતો તેની માતા સુનીતિ પાસે ગયો.

ત્યારે તેની માતાએ કહ્યું, 'એમાં રડે છે શું કામ? રડવાથી તારું દુ:ખ દૂર નહીં થાય.' ત્યારે ધ્રુવે પૂછ્યું, 'તો મારું દુ:ખ દૂર કેવી રીતે થાય?'

માતા કહે, 'ભગવાનની ભક્તિ કર. **જો ભગવાન રાજી થશે તો તારાં બધાં જ દુ:ખ દૂર કરી દેશે.'**





બસ, ધ્રુવે તો ભગવાનને રાજી કરવાનું નક્કી કરી દીધું. અને માતાના આશીર્વાદ લઈ ધ્રુવ તો જંગલમાં પહોંચી ગયો. જંગલમાં ધ્રુવને નારદજી મળ્યા. નારદજી કહે, 'તું તો નાનો એવો બાળક છે. જંગલમાં શું કામ આવ્યો છે?'

ત્યારે ધ્રુવે કહ્યું, 'મારે ભગવાનને રાજી કરવા છે. હું અહીં જંગલમાં ભક્તિ અને તપ કરી તેમને રાજી કરીશ.'

આવા નાના બાળકની ભક્તિ કરવાની દૃઢતા જોઈ નારદજી તો ખૂબ રાજી થયા.

તેમણે ભગવાનને રાજી કરવાનો મંત્ર ધ્રુવને શીખવ્યો.





પછી તો ધ્રુવે જંગલમાં એક પગે ઊભા રહી, દિવસ અને રાત ભગવાનનું ભજન કરતાં કરતાં તપ શરૂ કર્યું. શિયાળો, ઉનાળો અને ચોમાસું - ત્રણેય ઋતુમાં ધ્રુવે ભગવાનને રાજી કરવા માટે તપ ચાલુ જ રાખ્યું.

અરે... ખાવા-પીવાનું પણ છોડી દીધું! ધ્રુવની આવી ભક્તિ જોઈ ભગવાન તેમના પર ખૂબ રાજી થયા.

ધ્રુવને દર્શન આપવા માટે તેઓ જંગલમાં પ્રગટ થયા. ધ્રુવ તો ખુશ ખુશ થઈ ગયો. તેનાં બધાં જ દુઃખ દૂર થઈ ગયા. આશીર્વાદ રૂપે ભગવાને ધ્રુવને આકાશમાં ક્યારેય બદલાય નહીં તેવું તારારૂપે સ્થાન આપ્યું.

**બસ, એ જ છે ધ્રુવનો તારો! તે આપણને ભગવાનની ભક્તિની સાચી રીત શીખવે છે.**



શિશુમિત્રો! ધ્રુવની આવી ભક્તિથી ભગવાન તેના પર કેવા રાજી થઈ ગયા! અરે, ઊંચા ઊંચા આકાશમાં તેઓ તારાની જેમ ચમકી ગયા.

તો તમારે પણ ભગવાન અને ગુરુહરિ મહંતસ્વામી મહારાજને રાજી કરવા છે ને?! તો તે માટે તમારે પણ ધ્રુવ જેવી ભક્તિ કરવી પડશે.

શિશુમિત્રો! આપણે કઈ કઈ રીતે ભગવાનની ભક્તિ કરવી જોઈએ તે તમારે નીચેના તારલાઓમાં લખવાનું છે. તમે તમારા માતાપિતા કે સંચાલકની મદદ લઈ શકો છો... તો થઈ જાઓ તૈયાર! અને હા, આ તારલાઓમાં રંગ પૂરવાનું ભૂલશો નહીં.

આરતી કરવી

પૂજા કરવી

શિશુ સભામાં જવું

શિશુમિત્રો! તો બોલો સૌ મારી સાથે...

**શિશુ ગુંજન**

**ભકિત કરું હું ભકિત કરું, ધ્રુવજી જેવી ભકિત કરું,**
**નિયમો પાળું સેવા કરું, ગુરુહરિને હું રાજી કરું.**

# ૧૫. શાસ્ત્ર-મંદિર-સંત

શિશુમિત્રો! અહીં આપેલાં ચિત્રો જોઈને તમારે તેની સામે તેનો શું ઉપયોગ થાય છે તે લખવાનું છે. સાથોસાથ તેની નીચે પૂછેલા નાનકડા પ્રશ્નનો જવાબ આપવાનો છે.



પગનો ઉપયોગ : ________________

પ્રશ્નઃ શિશુમિત્રો! જો આપણી પાસે પગ જ ન હોય તો?

જવાબઃ ________________



ટેબલનો ઉપયોગ : ________________

પ્રશ્નઃ શિશુમિત્રો! જો ટેબલમાં પાયા જ ન હોય તો?

જવાબઃ ________________

શિશુમિત્રો! પગ વગર આપણે ઊભા રહી જ ન શકીએ. તેવી જ રીતે જો ટેબલના ચાર પાયામાંથી એક પાયો પણ નીકળી જાય તો ટેબલ પણ સરખી રીતે ઊભું રહી ન શકે. બસ તે જ રીતે, આપણી હિંદુ સંસ્કૃતિના પણ ત્રણ મુખ્ય પાયા છે.

આ ત્રણ પાયા પર જ આપણી સંસ્કૃતિ સ્થિર ઊભી છે. પણ આપણી સંસ્કૃતિને સ્થિર રાખનાર એ ત્રણ પાયા કયા છે? ચાલો, જલદી નીચે આપેલાં ટપકાં જોડી દો... તમને એ ત્રણે પાયા મળી જશે.

BAPS

1.



શાસ્ત્ર

2.



મંદિર

3.



સંત

હા શિશુમિત્રો! શાસ્ત્ર, મંદિર અને સંત - એ ત્રણ આપણી હિંદુ સંસ્કૃતિના મુખ્ય પાયા છે.
તો ચાલો, તેમના વિશે થોડું જાણીએ.

■ **શાસ્ત્ર:**

હિંદુ સંસ્કૃતિનો પહેલો પાયો એટલે શાસ્ત્રો. શાસ્ત્રો એટલે આપણી સંસ્કૃતિના પવિત્ર ગ્રંથો.

- શાસ્ત્રોથી આપણને ધર્મના નિયમો જાણવા મળે છે.
- શાસ્ત્રોથી ધર્મની સમજણ મળે છે.
- આદર્શ જીવન જીવવાની રીત પણ શાસ્ત્રોથી જ શીખવા મળે છે.



01


02

■ **મંદિર:**

મંદિર આપણી સંસ્કૃતિનો બીજો પાયો છે. મંદિર એટલે ભગવાનને રહેવાનું ઘર. મંદિરમાં ભગવાન હંમેશાં બિરાજે છે.

- આપણે મંદિરમાં ભગવાનની ભક્તિ કરીએ છીએ.
- અહીં વિવિધ ઉત્સવોની ઉજવણી થાય છે.
- મંદિરમાં મનને શાંતિ મળે છે.

■ **સંત:**

હિંદુ સંસ્કૃતિનો મુખ્ય પાયો એટલે સંત. સંત આપણને ભગવાનનું જ્ઞાન આપે છે. તેઓ સારું જીવન જીવવાની પ્રેરણા આપે છે.

- આપણા જીવનની કોઈપણ મુશ્કેલીમાં સંત આપણને સાચો રસ્તો બતાવે છે.
- ભગવાનમાં જોડાવા માટે બ્રહ્મસ્વરૂપ સંત ખૂબ જ જરૂરી છે.


03

BAPS

**શાસ્ત્ર** : ધર્મનો ગ્રંથ | **સમજણ** : શું કરવું અને શું ન કરવું તેની ખબર પડવી તે | **બ્રહ્મસ્વરૂપ** : અક્ષરબ્રહ્મનું સ્વરૂપ (મહંતસ્વામી મહારાજ)

તો બોલો શિશુમિત્રો! હિંદુ ધર્મના કયા ત્રણ પાયા છે? શાસ્ત્ર, મંદિર અને સંત. પરંતુ આ ત્રણેયમાં મુખ્ય કોણ? જાણો છો?

આ ત્રણેય પાયાને મજબૂત કરનાર **ભગવાનના સાચા સંત એટલે કે બ્રહ્મસ્વરૂપ સંત ત્રણેય પાયામાં મુખ્ય છે!** ગુરુહરિ મહંતસ્વામી મહારાજ એવા જ બ્રહ્મસ્વરૂપ સંત છે. તેઓએ આપણને સૌને શાસ્ત્ર, મંદિર અને સંતોની ભેટ આપી છે. ચાલો, આપણી સંસ્થાનાં શાસ્ત્રો, મંદિર અને સંતો વિશે જાણીએ.



■ **શાસ્ત્ર:**

- વચનામૃત, સ્વામીની વાતો, સત્સંગદીક્ષા આપણા પાયાનાં શાસ્ત્રો છે.
- સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, તમિલ, મરાઠી, બંગાળી, તેલુગુ, અંગ્રેજી વગેરે ભાષામાં અનેક ગ્રંથો તૈયાર થયા છે.
- આ ગ્રંથો આપણને સૌને સારું જીવન જીવવાની અને સત્સંગ કરવાની પ્રેરણા આપે છે.

■ **મંદિર:**

- રોબિન્સવિલ, ન્યૂ દિલ્હી અને ગાંધીનગરમાં આવેલા અક્ષરધામ જેવાં મહામંદિરોની રચના બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થઇ છે.
- ભારત ઉપરાંત ઇંગ્લેન્ડ, અમેરિકા, આફ્રિકા, ન્યૂઝીલેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશમાં થઈને કુલ ૧૩૦૦થી વધુ મંદિરો સંસ્થા દ્વારા તૈયાર થયા છે.





■ **સંત:**

- બી.એ.પી.એસ. સંસ્થામાં ભણેલા ગણેલા ૧,૧૦૦થી વધુ સંતો સેવા કરી રહ્યા છે.
- આ સંતો ભગવાન સ્વામિનારાયણે આપેલા નિયમો પ્રમાણે જીવન જીવી ભક્તિ કરે છે.
- સંસ્થાની ૧૬૨ સેવા પ્રવૃત્તિનું સંચાલન આ સંતો જ કરે છે.

શિશુમિત્રો! હિંદુ સંસ્કૃતિના આ ત્રણેય પાયા - શાસ્ત્ર, મંદિર અને સંત સાથે આપણે જોડાવાનું છે. જો તેમનો આપણે સંગ કરીશું તો આપણે ખૂબ જ સુખી થઈશું.

ચાલો, એક એક્ટિવિટી કરીએ. અહીં કેટલાક શબ્દો આપેલા છે, પરંતુ તે આડાઅવળા ગોઠવાયા છે. તે શબ્દોને વ્યવસ્થિત ગોઠવી યોગ્ય વાક્ય બનાવીએ. જો તે પ્રમાણે આપણે વર્તીશું તો ગુરુહરિ મહંતસ્વામી મહારાજ આપણા પર ખૂબ જ રાજી થશે.

1. દર્શન જઈશ. મંદિરે નિયમિત કરવા હું









હું મારા જીવનમાં આ ત્રણ વાત દૃઢ કરીશ.

2. કરીશ. આદર સંતોનો હું

3. શાસ્ત્ર વાંચન હું કરીશ. નિયમિત

શિશુમિત્રો! તો બોલો સૌ મારી સાથે...

**શિશુ ગુંજન**

**સંસ્કૃતિના પાયા ત્રણ, શાસ્ત્ર, મંદિર અને સંત,**
**જીવન મારું આદર્શ બને, જો રાખું તેમનો સંગ.**

# ૧૬. એકાદશી

સાંભળો રે સાંભળો...
ડુંગર ભક્તની વાત છે, એકાદશીની વાત છે...

શિશુમિત્રો! તમે ડુંગર ભગતને ઓળખો છો? ડુંગર ભગત એટલે ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ. તેઓ નાના હતા ને, ત્યારે તેમનું નામ ડુંગર હતું. ચાલો, તેમનો એક સરસ મજાનો પ્રસંગ આપણે જાણીએ.

એક વખત ડુંગર ભક્તના પરિવારમાં કોઈનાં લગ્ન હતાં. ડુંગર ભક્ત પરિવાર સાથે કરમસદ નામના ગામે ગયા.

લગ્નમાં આવેલા નાના નાના બાળકો રમે, ફરે અને મજા કરે. પણ ડુંગર ભક્ત તો બધાથી જુદા હતા. તેઓ તો ગામમાં આવેલા મંદિરમાં પહોંચી ગયા.






લગ્નમાં જ્યારે જમવાનો સમય થયો, ત્યારે સૌ ડુંગર ભક્તને શોધવા લાગ્યા. ખૂબ શોધ્યા પછી ડુંગર ભક્ત મંદિરમાંથી મળ્યા.

બધા ડુંગર ભક્તને કહે, 'ચાલો જમવા. આજે તો લાડુ, જલેબી, ભજિયાં વગેરે સરસ મજાની વાનગીઓ છે. આજે તો મજા પડી જશે.'



વાનગીઓના નામ સાંભળીને બધાના મોઢામાં તો પાણી આવી ગયું. પણ ડુંગર ભક્ત કહે, 'આજે તો અગિયારસ (એકાદશી) છે.'

બધાએ પૂછ્યું, 'તો શું થઈ ગયું?' ત્યારે ડુંગર ભક્ત કહે, 'મેં શાસ્ત્રોમાં વાંચ્યું છે કે **એકાદશીના દિવસે અનાજ ખાવું એ માંસ ખાધા બરાબર છે.** માટે અનાજ તો હું નહીં જ જમું.'



બધાએ ડુંગર ભક્તને ખૂબ સમજાવ્યા પરંતુ તેઓ ન જ માન્યા.

ડુંગર ભક્તની એકાદશીનો ઉપવાસ કરવાની દૃઢતા જોઈ સૌ તેમને નમી પડ્યા. સૌએ આણંદથી ડુંગર ભક્ત માટે પેંડા, બરફી વગેરે ફરાળ મંગાવ્યું અને એકાદશીનો નિયમ પાળનાર ડુંગર ભક્તને પ્રેમથી જમાડ્યા.

શિશુમિત્રો! આ પ્રસંગ બન્યો ત્યારે ડુંગર ભક્તની ઉંમર શું હતી, જાણો છો? તમને જાણીને નવાઈ લાગશે કે આ પ્રસંગ બન્યો ત્યારે ડુંગર ભક્તની ઉંમર માત્ર ૬ વર્ષની જ હતી!!! આટલા નાનકડા ડુંગર ભક્તે ભાવતી વાનગીઓ મળતી હોવા છતાં એકાદશીનો ઉપવાસ ન જ તોડ્યો.

શિશુમિત્રો! ડુંગર ભક્તે આપણને શીખવ્યું કે **'એકાદશીના દિવસે અન્ન તો ખવાય જ નહીં.'**

**ફરાળ :** એકાદશીના દિવસે ખવાય તેવી વાનગીઓ

પણ તો તમને થશે કે એકાદશીના દિવસે ખાવું શું? ચાલો, તમારાં માતાપિતા કે સંચાલકની સાથે રહી તે નક્કી કરીએ. નીચે આપેલી જે વસ્તુ એકાદશીમાં ખાઈ શકાય તેના પર ✔ (ટીક) કરો અને ન ખાઈ શકાય તેના પર ✖ કરો.


સેન્ડવીચ


પીત્ઝા


પફ


બટાકાની વેફર


રોટલી


ડ્રાયફ્રૂટ


કેળાની વેફર


સાબુદાણાની ખીચડી


મોરૈયો


ફરાળી ચેવડો


ઢોસા


શ્રીખંડ


ચૉકલેટ


ફ્રૂટ


દાળભાત


બર્ગર

શિશુમિત્રો! આપણે એકાદશીનું વ્રત શા માટે કરીએ છીએ, જાણો છો? કારણ કે ભગવાન સ્વામિનારાયણે આપણને આજ્ઞા કરી છે.

ભગવાન સ્વામિનારાયણે 'વચનામૃત' નામના ગ્રંથમાં આજ્ઞા કરી છે કે, **'એકાદશીનું વ્રત પંદર દિવસમાં એક વાર આવે તે ખબડદાર થઈને કરવું, તો તેના ઉપર ભગવાન પ્રસન્ન થાય છે.'**

**ખબડદાર :** દૃઢતાથી, | **પ્રસન્ન :** રાજી

શિશુમિત્રો! **ભગવાન સ્વામિનારાયણે એકાદશીના દિવસે ભગવાનની ભક્તિ કરવાની પણ આજ્ઞા કરી છે.** ચાલો, એકાદશીના દિવસે આપણે કેવી કેવી ભક્તિ કરી શકીએ તે જાણીએ. આ માટે નીચે કેટલાંક ચિત્રો આપ્યાં છે. તમારે ચિત્ર જોઈ નીચે આપેલી ખાલી જગ્યામાં ભક્તિનું નામ લખવાનું છે. (આપની મદદ માટે નીચે હિંટ પણ આપી છે.)



______ કરવી.



______નું વાંચન કરવું.



મંદિરે ______ કરવા જવું.



શ્રી નીલકંઠવર્ણી મહારાજનો ______ કરવો.



સહજાનંદ નામાવલીનો ______ કરવો.



ઘર મંદિરમાં ______ કરવી.

(હિંટ: પાઠ, અભિષેક, દર્શન, સત્સંગના પુસ્તકો, આરતી, માળા)

ગુરુહરિ મહંતસ્વામી મહારાજ લખીને કહે છે.



એકાદશીનું વ્રત સદાય
પરમ આદર થકી કરવું.

શિશુમિત્રો! તો બોલો સૌ મારી સાથે...

## શિશુ ગુંજન

એકાદશીનું વ્રત મહાન,
એ તપથી રાજી ભગવાન
નિર્જળ-સજળ કે ફળાહાર,
અનાજનો તો મૂકો વિચાર.

# ૧૭. મુખપાઠ

શિશુમિત્રો! આજે આપણે ગુરુહરિ મહંતસ્વામી મહારાજને જે ખૂબ જ ગમે છે, તેવા 'મુખપાઠ'ની વાત કરીશું.

મુખપાઠ એટલે? **'સત્સંગનાં દિવ્ય વચનોને યાદ રાખવાં.'**

આપણે મુખપાઠ કરી તો લઈએ છીએ, પરંતુ મુખપાઠ કરી લીધા પછી કેવું થાય છે જાણો છો? ચાલો, ગુરુહરિ મહંતસ્વામી મહારાજે કહેલી એક વાર્તાથી જ જાણીએ.



એક મોટું જંગલ હતું. તેમાં સસલાભાઈ અને કાચબાભાઈ રહેતા હતા. તેઓ બંને એકબીજાથી આગળ રહેવા માટે હંમેશાં હરીફાઈ કરતા.

એક દિવસ સિંહરાજાએ તેમને કહ્યું, 'મારે મારા મહેલની આગળ સરસ મજાનો બગીચો બનાવવો છે. તમારા બંનેમાંથી જે સારો બગીચો બનાવે તેને મોટું ઈનામ આપીશ.'



સસલાભાઈ અને કાચબાભાઈ તો તૈયારીમાં લાગી ગયા. બંનેએ મહેલની આગળ જમીન લીધી. બગીચામાં રંગબેરંગી ફૂલો ઉગાડવા માટે વિદેશથી ફોન કરીને બીજ મંગાવ્યાં.

આ બધી તૈયારીઓ ચાલતી હતી તેમાં જિરાફદાદા આવ્યા. જિરાફદાદા કહે, 'તમારે આ બગીચામાં સારા ફૂલ ખીલે તે માટે રોજ ૨૦ ડોલ પાણી નાખવું પડે.'

**હરીફાઈ** : સ્પર્ધા (કોમ્પિટિશન)



સસલાભાઈએ ગણવાનું ચાલુ કરી દીધું કે એક દિવસની ૨૦ ડોલ જોઈએ તો ૧૫ દિવસની ૩૦૦ ડોલ જોઈએ. તો સસલાભાઈએ તો એક જ દિવસમાં ૩૦૦ ડોલ પાણી નાખી દીધું.

આ બાજુ કાચબાભાઈ તો રોજ નદીમાંથી ૨૦ ડોલ પાણી લાવે ને બગીચામાં નાખે. આવી રીતે બે મહિના પૂરા થયા સિંહરાજા આવ્યા અને બગીચો જોયો.

સસલાભાઈનો બગીચો જોયો તો અમુક અમુક જગ્યાએ જ ફૂલો ઊગ્યાં હતાં અને કાચબાભાઈના બગીચામાં તો ખૂબ સરસ મજાનાં રંગબેરંગી ફૂલો ઊગ્યાં હતાં.

આમ, કાચબાભાઈનો ખૂબ સરસ મજાનો બગીચો જોઈને સિંહરાજાએ તેમને મોટું ઈનામ આપ્યું.



શિશુમિત્રો! **કાચબાભાઈને કેમ ઇનામ મળ્યું? કારણ કે તેઓ દરરોજ બગીચામાં પાણી છાંટતા.** જ્યારે સસલાભાઈએ તો ૧૫ દિવસનું પાણી ૧ જ દિવસમાં નાખી દીધું, એટલે બાકીના ૧૪ દિવસમાં બગીચો સુકાઈ ગયો.

બસ, તેવી જ રીતે સસલાભાઈની જેમ આપણે એકસાથે બધો મુખપાઠ કરી તો લઈએ છીએ. પણ દરરોજ તેને યાદ કરતા નથી. આથી તે મહેનતથી કરેલો મુખપાઠ ભુલાઈ જાય છે.

માટે જ ગુરુહરિ મહંતસ્વામી મહારાજ કહે છે, **'જે મુખપાઠ કર્યો હોય તેનું દરરોજ રિવિઝન કરવું. તો એકદમ પાક્કું થઈ જાય.'** શિશુમિત્રો! જો આવી રીતે મુખપાઠ કરીએ તો ગુરુહરિ મહંતસ્વામી મહારાજ આપણા પર ખૂબ જ રાજી થઈ જાય!

પરંતુ, મુખપાઠ કરતી વખતે આપણે ધ્યાન શું રાખીશું એ તમે જાણો છો? ચાલો, એક એક્ટિવિટી કરીને જાણીએ. અહીં નીચે કેટલાક વિકલ્પો આપેલા છે. તેમાંથી તમારે નક્કી કરવાનું છે કે મુખપાઠ કરતી વખતે શું કરવું અને શું ન કરવું? અને તે વિકલ્પો આપણે ઉદાહરણ પ્રમાણે લખીશું.

- ભગવાનને પ્રાર્થના કરીને મુખપાઠ શરૂ કરવો.
- વાતો ન કરવી.
- ટી.વી. કે મોબાઈલ ન જોવા.
- નિયમિત રિવિઝન કરવું.
- કંટાળો લાવી મુખપાઠ છોડી ન દેવો.
- શાંત જગ્યાએ બેસવું.



**શું ન કરવું?**

૧. વાતો ન કરવી.

૨. ......................................

૩. ......................................





**શું કરવું?**

૧. ......................................

૨. ......................................

૩. ......................................



BAPS

તો ચાલો, શિશુમિત્રો, ઉપર કહ્યું તેમ ધ્યાન રાખીને આપણે સૌ પણ મુખપાઠ શરૂ કરીએ અને સ્વામીબાપાનો રાજીપો લઈએ...

શિશુમિત્રો! નીચેના બધા જ શ્લોકનો મુખપાઠ આપણે કરવાનો છે.
જે શ્લોકનો મુખપાઠ થઈ જાય તેની બાજુમાં ✔ કરો.



## ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્તુતિ

અન્તર્યામિ પરાત્પરં હિતકરં, સર્વોપરી શ્રીહરિં, સાકારં પરબ્રહ્મ સર્વશરણમ્, કર્તા દયાસાગરમ્ ॥
આરાધ્યં મમ ઈષ્ટદેવ પ્રકટં, સર્વાવતારી પ્રભુ, વન્દે દુઃખહરં સદા સુખકરં શ્રીસ્વામિનારાયણમ્ ॥



## ગુણાતીતાનંદ સ્વામી મહારાજ સ્તુતિ

સાક્ષાદ્ અક્ષરધામ દિવ્ય પરમં સેવારતં મૂર્તિમાન્, સર્વાધાર સદા સ્વરોમ-વિવરે બ્રહ્માંડ-કોટી-ધરમ્ ॥
ભક્તિ ધ્યાન કથા સદૈવ કરણં, બ્રહ્મસ્થિતિદાયકમ્, વન્દે અક્ષરબ્રહ્મ પાદકમલં ગુણાતીતાનન્દનમ્ ॥



## ભગતજી મહારાજ સ્તુતિ

શ્રીમન્ નિર્ગુણ મૂર્તિ સુંદર તનુ, અધ્યાત્મ-વાર્તારતમ્, દેહાતીત દશા અખંડ-ભજનં, શાન્તં ક્ષમાસાગરમ્ ॥
આજ્ઞા-પાલન-તત્પરં ગુણગ્રહી, નિર્દોષમૂર્તિ સ્વયમ્, વન્દે પ્રાગજીભક્ત-પાદકમલં, બ્રહ્મસ્વરૂપં ગુરુમ્ ॥



## શાસ્ત્રીજી મહારાજ સ્તુતિ

શુદ્ધોપાસન મન્દિરં સુરચનમ્, સિદ્ધાન્ત-રક્ષાપરમ્, સંસ્થા-સ્થાપન દિવ્ય-કાર્યકરણં સેવામયં જીવનમ્ ॥
નિષ્ઠા નિર્ભયતા સુકષ્ટસહનં, ધૈર્યં ક્ષમાધારણમ્, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ-ચરણં, વન્દે પ્રતાપી ગુરુમ્ ॥



## યોગીજી મહારાજ સ્તુતિ

વાણી અમૃતપૂર્ણ હર્ષકરણી, સંજીવની માધુરી, દિવ્યં દૃષ્ટિપ્રદાન દિવ્ય હસનં, દિવ્યં શુભં કીર્તનમ્ ॥
બ્રહ્માનંદ પ્રસન્ન સ્નેહરસિતં, દિવ્યં કૃપાવર્ષણમ્, યોગીજી ગુરુ જ્ઞાનજીવન પદે, ભાવે સદા વન્દનમ્ ॥



## પ્રમુખસ્વામી મહારાજ સ્તુતિ

વિશ્વે વૈદિક ધર્મ મર્મ મહિમા સત્સંગ વિસ્તારકમ્, વાત્સલ્યં કરુણા અહો જનજને, આકર્ષણમ્ અદ્ભુતમ્ ॥
દાસત્વં ગુરુભક્તિ નિત્ય ભજનં, સંવાદિતા સાધુતા, નારાયણસ્વરૂપ સ્વામી પ્રમુખં વન્દે ગુરું મુક્તિદમ્ ॥



## મહંતસ્વામી મહારાજ સ્તુતિ

દિવ્યં સૌમ્યમુખારવિન્દ સરલં નેત્રે અમીવર્ષણમ્, નિર્દોષં મહિમામયં સુહૃદયં, શાન્તં સમં નિશ્ચલમ્ ॥
નિર્માનં મૃદુ દિવ્યભાવ સતતં વાણી શુભા નિર્મલા, વન્દે કેશવજીવનં મમ ગુરું સ્વામી મહન્તં સદા ॥

# ૧૮. નીલકંઠ વર્ણી

શિશુમિત્રો! આ વાત ૨૩૦થી વધુ વર્ષો પહેલાની છે. તારીખ હતી, ૨૯ જૂન ૧૭૯૨. અંધારી રાત હતી. વરસાદ વરસતો હતો. અયોધ્યા નગરીમાં બધા જ સૂઈ ગયા હતા. એ વખતે નાનકડા ઘનશ્યામપ્રભુ જાગ્યા. ઘરમાં સૂતેલા ભાઈ-ભાભીને વંદન કર્યા. કેટલીક વસ્તુ સાથે લીધી... અને ઘરમાંથી નીકળી ગયા.

શિશુમિત્રો! ઘનશ્યામપ્રભુને કોઈ ખીજાયું નહોતું. તેમણે કોઈ તોફાન પણ નહોતું કર્યું. ઘનશ્યામપ્રભુના મનમાં વિચાર હતો કે, **'મારે લાખો લોકોને સુખી કરવા છે. ભક્તોને સુખ આપવું છે.'** આ વિચારથી તેમણે ઘર છોડ્યું અને આખા ભારતમાં વિચરણ કરવા નીકળ્યા. એ રાત્રે ઘનશ્યામપ્રભુએ પોતાની સાથે કેટલીક વસ્તુઓ લીધી... જુઓ...




બસ, આટલી જ વસ્તુ લઈને ઘનશ્યામપ્રભુ ખુલ્લા શરીરે અને ખુલ્લા પગે નીકળી પડ્યા. હવેથી ઘનશ્યામપ્રભુ 'નીલકંઠ વર્ણી'ના નામથી ઓળખાવા લાગ્યા. નીલકંઠ વર્ણીએ અયોધ્યાથી નીકળી, હિમાલયના ઊંચા પર્વતોમાં તપ કર્યું. ગાઢ જંગલોમાં એકલા વિચરણ કર્યું. મોટી મોટી નદીઓ પાર કરી. આ બધું જ તેમણે આપણા જેવા ભક્તોના કલ્યાણ માટે કર્યું.

**વિચરણ :** ફરવું | **ગાઢ :** ઘણાં વૃક્ષોથી ઘેરાયેલું

શિશુમિત્રો! નીલકંઠ વર્ણીએ આખા ભારતના વિચરણ દરમિયાન આપણને ઘણું બધું શીખવ્યું છે. ચાલો, તેમાંથી કેટલીક વાતો જાણીએ...

## નીલકંઠ વર્ણીએ વાત શીખવી, નીડર રહેવું, બીક બધી મૂકવી...



એક વખત શ્રીપુર નામના ગામમાં નીલકંઠ વર્ણી પહોંચ્યા. ત્યાંના એક મઠ બહાર તેઓ રાત રોકાયા. રાત્રે મોટી મોટી ત્રાડ નાખતો સિંહ આવી ચડ્યો. બીજા હોય તો તો ડરી જ જાય.

પણ નીલકંઠ વર્ણી શાંત બેસી રહ્યા. સિંહ પાસે આવ્યો. નીલકંઠ વર્ણીને પ્રણામ કરી તેમના ચરણ પાસે બેઠો. સવાર પડતા સિંહ પાછો જંગલમાં જતો રહ્યો. સૌને સમજાઈ ગયું કે આ નીડર નીલકંઠ વર્ણી નક્કી ભગવાન જ હોવા જોઈએ. સૌ તેઓના ચરણમાં પડી ગયા.

**આવા હતા, નીડર નીલકંઠ વર્ણી!**

## નીલકંઠ વર્ણીએ વાત શીખવી, પ્રેમથી સૌની સેવા કરવી...



વિચરણ વખતે નીલકંઠ વર્ણીને સેવકરામ નામનો સાધુ મળ્યો. સેવકરામને ઝાડા થઈ ગયેલા. ખૂબ જ અશક્તિ હતી. તે પોતાની જાતે કોઈ ક્રિયા પણ નહોતો કરી શકતો. નીલકંઠ વર્ણીને તેના પર ખૂબ દયા આવી.

નીલકંઠ વર્ણીએ સેવકરામની સેવા કરવાનું શરૂ કર્યું. તેને સૂવા માટે કેળના પાનની પથારી કરી દીધી. તેણે બગાડેલા કપડાં સાફ કરવાની સેવા કરી. તેને ભાવે તેવું ભોજન બનાવી જમાડવાની સેવા કરી. આમ, સતત બે મહિના સુધી સેવકરામની સેવા કરીને નીલકંઠ વર્ણીએ તેને સાજો કરી દીધો.

**આવા હતા, સેવાભાવી નીલકંઠ વર્ણી!**

**નીડર :** ડરે નહીં તેવા | **ત્રાડ :** ગર્જના, બૂમ



## નીલકંઠ વર્ણીએ વાત શીખવી, પ્રભુની ભક્તિ કદી ન ભૂલવી...

ફરતાં ફરતાં નીલકંઠ વર્ણી એક મોટા જંગલમાં આવી પહોંચ્યા. સૂર્યનો પ્રકાશ પણ ન આવે એવા ગાઢ જંગલમાં નીલકંઠ વર્ણી આગળ વધવા માંડ્યા.

એક દિવસ, બીજો દિવસ, ત્રીજો દિવસ... એમ કરતાં ચાર-ચાર દિવસ વીતી ગયા. પણ ક્યાંય જમવાનું કે પાણી ન મળ્યું! છેક પાંચમા દિવસે એક કૂવો દેખાયો. નીલકંઠ વર્ણીને ખૂબ જ તરસ લાગી હતી. ચાર દિવસ સુધી કંઈ ખાધું-પીધું નહોતું. બીજું કોઈ હોય તો તો તરત જ પાણી પીવા માંડે.

પરંતુ નીલકંઠ વર્ણીએ કૂવામાંથી પાણી કાઢી પહેલાં ભગવાનને ધરાવ્યું. તેમણે આ પ્રસંગ દ્વારા સૌને ભગવાનની ભક્તિ ક્યારેય ન ભૂલવાનું શીખવ્યું.

**આવા હતા, ભક્તિમય નીલકંઠ વર્ણી!**

શિશુમિત્રો! નીલકંઠ વર્ણીએ ૭ વર્ષ સુધી આખા ભારતમાં વિચરણ કર્યું. અનેક ભક્તોનું, પશુ-પંખીનું કલ્યાણ કર્યું. અંતે ગુજરાતના લોજ ગામમાં સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના આશ્રમમાં તેઓ આવી પહોંચ્યા. અહીં રહેલા સંતો-ભક્તોના નિયમ-ધર્મ અને સદ્‌ગુણો જોઈ તેઓ ખૂબ જ રાજી થયા.

નીલકંઠ વર્ણીએ અહીં પોતાનું વિચરણ પૂરું કર્યું. થોડાં વર્ષો પછી તેમણે 'સ્વામિનારાયણ' સંપ્રદાયની સ્થાપના કરી અને સૌના કલ્યાણનો માર્ગ ખોલી આપ્યો.

એવા નીલકંઠ વર્ણીનાં ચરણે કોટિ કોટિ વંદન!



**સ્થાપના કરી :** શરૂઆત કરી

ચાલો, શિશુમિત્રો! નીલકંઠ વર્ણીનો મહિમા જાણ્યા બાદ હવે એક સરસ એક્ટિવિટી કરીએ. નીચે આ પાઠનો સાર આપેલો છે. પરંતુ, તેમાં કેટલીક ખાલી જગ્યાઓ છે. તેમાં યોગ્ય શબ્દ લખી સાર પૂરો કરો.

ઘનશ્યામ મહારાજ જ્યારે વનમાં વિચરણ કરવા માટે નીકળ્યા ત્યારે તેમનું નામ હતું, __________ . તેમણે પોતાની સાથે __________, __________, __________ અને માળા રાખ્યા હતા. તેઓ બર્ફીલા પહાડ એવા __________ માં ખુલ્લા શરીરે ફર્યા. તેમણે પશુ-પંખી, માણસો વગેરે સૌના __________ માટે __________ કર્યું. તેમણે આપણને પોતાના જીવન દ્વારા __________, સેવાભાવી અને ભક્તિમય બનવાની પ્રેરણા આપી.

(કમંડળ, નીલકંઠવર્ણી, તપ, કલ્યાણ, વિચરણ, બાળમુકુંદનો બટવો, નીડર, માળા, હિમાલય, પલાશનો દંડ)

ખાલી જગ્યામાં લખેલા શબ્દોનો ઉપયોગ કરી તમારે નીચે આપેલી પઝલ પૂરી કરવાની છે. તો થઈ જાઓ તૈયાર...




## શિશુ ગુંજન

નીલકંઠ વર્ણીએ વાત શીખવી, નીડર રહેવું બીક બધી મૂકવી,
પ્રેમથી સૌની સેવા કરવી, પ્રભુની ભક્તિ કદી ન ભૂલવી.

# ૧૯. સ્વામીની વાતો

શિશુમિત્રો! અહીં કેટલાંક ઉખાણાં પૂછ્યાં છે અને તેની બાજુમાં કેટલાક ચિત્રો છે. તમારે પ્રશ્ન વાંચીને સાચા જવાબ ઉપર ✓ કરવાનું છે.

ગણિત મને આવડે નહીં, શીખવું છે પણ સમજાય નહીં.
ક્યાં જવું કોઈ સમજાવો, ગણિત શીખવે તેને મળાવો...

બોલો જોઈએ, ગણિત કોણ શીખવી શકશે?


ડૉક્ટર


શિક્ષક


પોલીસ

આકાશમાં ઊડવું છે, વિમાન ઊંચે ઉડાવવું છે,
વિમાન ચલાવતા આવડે નહીં, કોણ શિખવાડે બોલો ભાઈ...!

બોલો જોઈએ, વિમાન ચલાવતાં કોણ શીખવી શકશે?


કુંભાર


શાક વેચનાર


પાઈલટ

રંગરંગીલી આ દુનિયા ને એમાં રંગ હજાર,
રંગ ભરવા મારે ચિત્રોમાં, કોઈ શીખવો આ વાર...

બોલો જોઈએ, ચિત્રમાં રંગ ભરવાનું કોણ શીખવી શકશે?


ચિત્રકાર


મિકેનિક


મૅનેજર

BAPS

જોયું ને શિશુમિત્રો! જો આપણે ગણિત શીખવું હોય તો શિક્ષક પાસે જવું પડે... વિમાન ચલાવતાં શીખવું હોય તો પાઈલટ પાસે જવું પડે... ચિત્ર શીખવું હોય તો ચિત્રકાર પાસે જવું પડે... તેમ **જો આપણે ભગવાનનું જ્ઞાન શીખવું હોય, ભગવાનના ધામમાં જવું હોય તો ભગવાન જેમની પાસે હોય તેવા સંત પાસે જવું પડે.** ગુણાતીતાનંદ સ્વામી એવા સાચા સંત હતા. આવો, તેમના જીવનનો એક પ્રસંગ જોઈએ.



એકવાર ગઢડા ગામમાં ગુણાતીતાનંદ સ્વામી હતા. તેમણે ભગવાન સ્વામિનારાયણને પ્રશ્ન પૂછ્યો કે, 'હે મહારાજ! અમારે ધ્યાન કરવું? માંદાની સેવા કરવી? આત્મારૂપે વર્તવું એટલે કે સતત ભગવાનમાં જ મન રાખવું? કે વાતો એટલે કે કથાવાર્તા કરવી?' આ ચારમાંથી એક કહો.



જો ભગવાનને મેળવવા હોય તો આ ચારેય રીતે મેળવી તો શકાય છે, પરંતુ ભગવાન સ્વામિનારાયણે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, 'તમારે બધાને વાતો કરવી. તમારી કથાવાર્તાથી બધાનું કલ્યાણ થશે.'



ભગવાન સ્વામિનારાયણની આ આજ્ઞા ગુણાતીતાનંદ સ્વામીએ માની લીધી. સવારે, બપોરે, સાંજે, રાત્રે... અરે! રસ્તે ચાલતાં ચાલતાં પણ તેઓ હરિભક્તોને ભગવાનની વાતો કરતા.

ગુણાતીતાનંદ સ્વામી એટલી સરસ રીતે વાતો સમજાવતા કે બધાને સાવ સહેલાઈથી વાત સમજાઈ જતી.

**માંદા :** બીમાર વ્યક્તિ

BAPS

ભગવાન સ્વામિનારાયણે તમામ સંતો-ભક્તોને આજ્ઞા કરેલી કે દર વર્ષે એક મહિનો બધાએ ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળવા જૂનાગઢ જવું.

શિશુમિત્રો! ગુણાતીતાનંદ સ્વામી જે વાતો સૌને કરતા તે અમુક સંતો-ભક્તો લખી રાખતા. આ રીતે **'સ્વામી'એ કરેલી 'વાતો' ભેગી કરીને એક ગ્રંથ તૈયાર થયો. આ ગ્રંથનું નામ એટલે 'સ્વામીની વાતો.'**




શિશુમિત્રો! જે શિશુ 'સ્વામીની વાતો'નો મુખપાઠ કરે તે ગુરુહરિ મહંતસ્વામી મહારાજને ખૂબ ગમે છે. ગુણાતીતાનંદ સ્વામીની વાતોનો ગ્રંથ તો ઘણો મોટો છે. પણ તેમાંથી સ્વામીબાપાએ પસંદ કરેલી વાતો નીચે તેઓએ જ લખી છે. તો તમે એ વાતો મોઢે કરશો ને? ચાલો, આપણે આજે તેમાંની સ્વામીની વાતો શીખીએ અને તેને યાદ રાખીએ.

- ઘરમાં રહેવું તે ....
- આપણે તો અક્ષરધામમાં જાવું ......
- જેના અક્ષર ગુરુ હોય ......
- આપણે ભગવાનનાં ......
- કોટી કલ્પે ભગવાનનું ધામ ......



ગુરુહરિ મહંતસ્વામી મહારાજે ઉપર લખેલી વાતો સામે આપેલાં ખાનાઓમાંથી તમારે શોધવાની છે અને તેમાં તમારો મનગમતો રંગ પૂરવાનો છે. તો તૈયાર છો ને?
ચાલો, કરીએ એક સરસ મજાની એક્ટિવિટી...

BAPS

## ૧. ઘરમાં રહેવું તે મહેમાનની પેઠે રહેવું.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘ | ર | માં | તો | ભ | ત્ર | ઊ | ન | ષે | વા | ટ | જ | અ | કે | ર | હે | વું |
| સા | જ | ન | ઘ | માં | બ | ભ | ય | જ | કા | તે | લા | વો | ર | લ | દ | ના |
| ગ | મ | હે | મા | ન | ની | દ | ઘ | પે | ઠે | શ | ફ | હુ | ર | હે | વું. | કું |

## ૨. આપણે તો અક્ષરધામમાં જાવું છે એવો એક સંકલ્પ રાખવો.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આ | પ | ણે | ગ | ઇ | તો | જ | ટ | હ | ન | ક્ષ | અ | ક્ષ | ર | ધા | મ | માં |
| સ | ફ | લ | ર | દ | ધા | મ | ન | થી | માં | જા | વું | રે | માં | છે | વો | ન |
| ક | એ | વો | વું | મા | યા | એ | ક | પ | હી | સં | ક | લ્પ | પ | બા | ના | વું |
| લ | ખ | પ | ણે | ક | એ | ન | ભ | રા | ખ | વો. | વો | આ | જે | ન | વા | ગ |

## ૩. જેના અક્ષર ગુરુ હોય તે અક્ષરધામમાં લઈ જાય ને પુરુષોત્તમને મેળવે.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એ | જે | ના | ક | ચ | અ | ક્ષ | ર | સે | લ | સો | જો | આ | ગુ | રુ | પી | ઝ |
| હો | ય | મ | રા | તે | ક્ય | અ | ક્ષ | ર | ધા | મ | માં | ઈ | લ | ઈ | સ | અ |
| જા | ય | લી | ય | ને | ચ | પુ | રુ | ષો | ત | મ | ને | રૂ | વા | મે | ળ | વે. |

## ૪. આપણે ભગવાનના છીએ પણ માયાના નથી એમ માનવું.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એ | આ | પ | ણે | ર | મા | અ | ભ | ગ | વા | ન | ના | ઈ | લ | છી | એ | ઈ |
| પ | ણ | હું | મા | યા | ના | વે | ન | થી | ધા | એ | મ | રૂ | વા | મા | ન | વું. |

## ૫. કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે, તે આવા સાધુને હાથ જોડે એટલામાં મળે છે.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કો | ટિ | રા | તે | ક | લ્પે | બા | ના | ભ | ગ | વા | ન | નું | મ | રા | તે | ક્ય |
| સ | ધા | મ | ટ | હ | ન | પો | મ | ળે | શ્ક | તે | લ્પ | પ | આ | વા | ધા | ગ |
| ક | પ | હી | સં | સા | ધુ | ને | ક્ય | અ | હા | થ | આ | જે | જો | ડે | છે | વો |
| એ | ટ | લા | માં | લ્પ | પ | બા | મ | ળે | રા | દ | સો | છે. | ક્ય | અ | વા | ર |

# ૨૦. મહંતસ્વામી મહારાજ

શિશુમિત્રો! આજે તો મજા પડવાની છે...

શું કામ જાણો છો? આજે આપણે આપણા ખાસ મિત્ર એટલે કે બેસ્ટ ફ્રેન્ડ એવા મહંતસ્વામી મહારાજને મળવાના છીએ!!! હા, મહંતસ્વામી મહારાજની સાથે આપણે મીઠી મીઠી વાતો કરવાના છીએ... તો તૈયાર છો ને?

તો હવે આપણે મહંતસ્વામી મહારાજને પ્રશ્નો પૂછીશું અને તેઓ આપણને જવાબ આપશે. પણ હા, શિશુમિત્રો! તમારે પણ સાથે સાથે કેટલાક જવાબો લખવાના છે. તો તૈયાર રહેજો હોં ને...

(નોંધ: પૂજ્ય મહંતસ્વામીનાં જ અક્ષરો છે.)

**પ્રશ્ન:** આપના બાળપણના મિત્રોના નામ જણાવશો?



**સ્વામીશ્રી:** Herald અને Harry

(હેરાલ્ડ) અને (હેરી)




તમારાં મિત્રનું નામ જણાવો.





**પ્રશ્ન:** આપ મિત્રો સાથે મસ્તી કરતા?

**સ્વામીશ્રી:** હા. પણ ધમાલ નહીં. Silent મસ્તી.

**પ્રશ્ન:** બાળપણમાં ક્યારેય કોઈ સાથે ઝઘડો કે બોલાચાલી થયેલી?

**સ્વામીશ્રી:** ક્યારેય નહીં.



હા શિશુમિત્રો! ગુરુહરિ મહંતસ્વામી મહારાજ આપણા જેવા હતા, ત્યારે ધમાલ-મસ્તી કે ઝઘડો ક્યારેય ન કરતા.

**પ્રશ્નઃ** આપ અમને એક સરસ મજાનું ચિત્ર દોરી આપો ને?

**સ્વામીશ્રીઃ**



તમે પણ સ્વામીબાપાએ દોરેલું ચિત્ર અહીં દોરી લો!

**પ્રશ્નઃ** યોગીબાપાનાં સૌપ્રથમ દર્શન આપે ક્યાં કર્યાં હતાં?

**સ્વામીશ્રીઃ** સારંગપુર - ૧૯૫૧



શિશુમિત્રો, તમે મહંતસ્વામી મહારાજના સૌપ્રથમ દર્શન ક્યાં કર્યાં હતાં?

**પ્રશ્નઃ** આપ હારમોનિયમ શીખ્યા હતા?

**સ્વામીશ્રીઃ** હા



**પ્રશ્નઃ** બીજાં કોઈ વાજિંત્ર વગાડતાં આવડે?

**સ્વામીશ્રીઃ** વાંસળી, mouth organ

(માઉથ ઓર્ગન)





તમને કયું વાજિંત્ર વગાડતા આવડે છે?

ચાલો શિશુમિત્રો!
સ્વામીબાપાએ મુખપાઠ કરેલી એ વાત
આપણે પણ મુખપાઠ કરી લઈએ.

**પ્રશ્ન:** યોગીજી મહારાજે સૌથી પહેલી કઈ સ્વામીની વાત મુખપાઠ કરાવી હતી?

**સ્વામીશ્રી:** સંત કહે તે શ્રેષ્ઠ છે
2-57






સ્વામિનારાયણ હરે,
સ્વામીએ વાત કરી જે...

સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે,
ને મનધાર્યું કરવું તે કનિષ્ઠ છે.

**પ્રશ્ન:** કયા કયા મંદિરની મૂર્તિઓ આપને માનસીમાં યાદ આવે?

**સ્વામીશ્રી:** ભાદરા, ગોંડલ, તપોમૂર્તિ નિલકંઠવર્ણી







**શ્રેષ્ઠ** : સૌથી સારું | **કનિષ્ઠ** : સૌથી ખરાબ

**પ્રશ્ન:** સ્વામી! તમે અમારા Best Friend છો...
પણ તમારા Best Friend કોણ છે?

**સ્વામીશ્રી:**








હા, શિશુમિત્રો! આપણે બધા જ સ્વામીબાપાના બેસ્ટ બેસ્ટ બેસ્ટ ફ્રેન્ડ્સ છીએ! આજે આપણે પણ નક્કી કરીએ કે આપણે પણ સ્વામીબાપાના બેસ્ટ ફ્રેન્ડ બનીને રહીશું. તેમને જેવું ગમે તેવું કરીશું. આદર્શ શિશુ બનીને તેમના મનગમતા બનીશું...

ચાલો, પ્યારા પ્યારા મહંતસ્વામી મહારાજને યાદ કરી કીર્તન ગાઈએ...

## શિશુ ગુંજન

મહંતસ્વામી મહારાજ, મને બહુ ગમે
એને રોજ કરું યાદ, મને બહુ ગમે...
બાળમિત્ર છે મારા, મને લાગે છે પ્યારા,
મને રમ્મત રમાડે, બહુ ગમે...
મારા સપનામાં આવે, મને હેતથી બોલાવે,
મને આપે પરસાદી, બહુ ગમે...
મારી પૂજામાં પધારે, મારી પ્રાર્થના સ્વીકારે,
મને ભવથી ઉગારે, બહુ ગમે...

# ગુરુહરિ મહંતસ્વામી મહારાજ સાથે આનંદમય ક્ષણો




















# બી.એ.પી.એસ. બાળ પ્રકાશનો

**: પ્રાપ્ત કરવા માટે :**

**સંસ્થાનાં મંદિરોના બુકસ્ટોલનો સંપર્ક કરો અથવા નીચેનો QR કોડ સ્કેન કરો.**



વાલીની ડાયરી
ગુજરાતી | હિન્દી



ચાલો બનીએ આદર્શ
ગુજરાતી | અંગ્રેજી | હિન્દી



સત્સંગદીક્ષા
ગુજરાતી | અંગ્રેજી | હિન્દી


મારે બનવું છે આદર્શ બાળક
ગુજરાતી | અંગ્રેજી | હિન્દી



સંસ્કૃતિનાદ
ગુજરાતી | અંગ્રેજી | હિન્દી



બાળસભા
ગુજરાતી | અંગ્રેજી | હિન્દી



બાળનગરીની વાર્તાઓ
ગુજરાતી | અંગ્રેજી



અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી
ગુજરાતી | અંગ્રેજી | હિન્દી



વારતા રે વારતા (ભાગઃ ૧ થી ૭)
ગુજરાતી | અંગ્રેજી



સુટેવ-કુટેવ
ગુજરાતી | અંગ્રેજી | હિન્દી



આદર્શ વિદ્યાર્થી
ગુજરાતી | અંગ્રેજી



જો ધારો તો કરી શકો... ચમત્કાર
ગુજરાતી



સત્સંગ વિહાર (ભાગઃ ૧ થી ૩)
ગુજરાતી | અંગ્રેજી | હિન્દી



ભગવાન સ્વામિનારાયણ
ગુજરાતી | અંગ્રેજી | હિન્દી



સુચરિતમ્ (ભાગઃ ૧ થી ૭)
ગુજરાતી | અંગ્રેજી



To My Little Friend
ગુજરાતી | અંગ્રેજી



ઘનશ્યામનાં દિવ્યચરિત્રો
(ભાગઃ ૧-૨) ગુજરાતી



રંગ ભરીએ અક્ષર શીખીએ
ગુજરાતી



શિશુ સત્સંગ વિહાર
ગુજરાતી | અંગ્રેજી | હિન્દી

## દર મહિને પ્રકાશિત થતું બાળ સામયિક

**સ્વામિનારાયણ બાળપ્રકાશ(ગુજરાતી) માસિક**

| વર્ષ | ભારત | યુ.એસ.એ | યુ.કે. |
|---|---|---|---|
| ૧ | ₹ ૭૦ | $ ૧૦ | £ ૬.૫૦ |
| ૨ | ₹ ૧૩૫ | $ ૨૦ | £ ૧૩ |
| ૩ | ₹ ૨૦૦ | $ ૩૦ | £ ૧૯.૫૦ |

**સ્વામિનારાયણ બાળપ્રકાશ(અંગ્રેજી) દ્વિમાસિક**

| વર્ષ | ભારત | યુ.એસ.એ | યુ.કે. |
|---|---|---|---|
| ૧ | ₹ ૧૦૦ | $ ૯ | £ ૫.૫૦ |
| ૨ | ₹ ૧૯૦ | $ ૧૮ | £ ૧૧ |
| ૩ | ₹ ૨૮૦ | $ ૨૭ | £ ૧૬.૫૦ |

**: લવાજમ માટે :**

**સંસ્થાનાં મંદિરોના બુકસ્ટોલનો સંપર્ક કરો અથવા બાજુનો QR કોડ સ્કેન કરો.**






Pragat Guruhari Mahant Swami Maharaj's

# Blessings



BAPS

Dear shishus,

Read, "Shishu Satsang Vihar" and become ideal children. Strengthen agna and upasana in your lives.

-S.Ts

BG292

9 781947 461703
ISBN: 978-1-947461-70-3